RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 305* Date: 2.09.2022, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ગ્લોબલ ટ્રસ્ટવર્ધીનેસ ઈન્ડેક્સ ૨૦૨૨ : ૫૮ ટકા લોકો ડૉક્ટરના વ્યવસાય પર સૌથી વધુ વિશ્વાસ કરે છે

નવીદિલ્હી,તા.૧

જો તમે એ જાણવા ઈચ્છો છો કે તમારા વ્યવસાયને કેટલા લોકો ભરોસાપાત્ર માને છે, તો જવાબ છે ૫૮% લોકો ડૉક્ટરના વ્યવસાય પર સૌથી વધુ વિશ્વાસ કરે છે. આ યાદીમાં ૫૭% સાથે વિજ્ઞાની બીજા અને શિક્ષક ત્રીજા ક્રમે છે. ગ્લોબલ ટ્રસ્ટવર્ધીનેસ ઈન્ડેક્સ ૨૦૨૨ના રિપોર્ટમાં આ વાત સામે આવી છે. ૨૮ દેશમાં ૧૮ પ્રકારના વ્યવસાય પર કરાયેલા સરવેના આંકડા પ્રમાણે, ૨૦૨૧ના કોરોનાકાળમાં ડૉક્ટરો અને વિજ્ઞાનીઓ પર લોકોને વિશ્વાસ હતો, પરંતુ ૨૦૨૨ વખતે તેમના પર વિશ્વાસ કરનારામાં ૬-૬%નો ઘટાડો નોંધાયો હતો.ટોપ-૫ પછી ભરોસાપાત્ર વ્યવસાયની યાદીમાં પોલીસ, જજ, વકીલ, ટીવી ન્યૂઝ રીડર, પાદરી-પૂજારી, પત્રકાર, સરકારી અધિકારી, બિઝનેસ લીડર, એડવર્ટાઈઝિંગ એક્ઝિક્યુટિવ, સરકારી મંત્રી અને નેતા છે.જો વાત સૌથી ઓછા ભરોસાપાત્ર વ્યવસાયની છે તો નેતાઓ અને સરકારી મંત્રીઓનું નામ સૌથી ઉપર આવે છે. દુનિયામાં ૮૮% લોકો તેમને સૌથી અપ્રામાણિક માને છે, પરંતુ ચોંકાવનારી વાત એ છે કે નેતાઓ અને મંત્રીઓ પર સૌથી વધુ વિશ્વાસ કરનારા દેશોમાં ભારત પહેલા ક્રમે છે. અહીં ૨૮% લોકો નેતાઓ અને ૩૧% લોકો મંત્રીઓને વિશ્વાસપાત્ર માને છે. જાપાનમાં ફક્ત ૭%, અમેરિકામાં ૧૦% અને બ્રિટનમાં ૧૬% લોકો જ નેતાઓ પર વિશ્વાસ કરે છે. ૨૧%સાથે ડેનમાર્ક આ યાદીમાં બીજા અને ૧૮% સાથે જર્મની ત્રીજા નંબરે છે. નેતાઓ પર વિશ્વાસની વૈશ્વિક સરેરાશ ૧૨% છે.

સૌથી ઓછો વિશ્વાસ ધરાવતા વ્યવસાયમાં બેંકર ટોપ-૫માં આવે છે, દુનિયામાં બેંકરો પર સૌથી વધુ વિશ્વાસ ભારતીય (૫૨%) જ કરે છે. સરકારી અધિકારી સૌથી ઓછા ભરોસાપાત્ર વ્યવસાયની યાદીમાં છઠ્ઠા ક્રમે છે, પરંતુ તેમના પર પણ સૌથી વધુ ભરોસો કરવામાં ભારત (૨૫%) દુનિયામાં બીજા ક્રમે છે.દુનિયાના સૌથી ભરોસાપાત્ર વ્યવસાયની યાદીમાં પોલીસ છઠ્ઠા, જજ સાતમા અને વકીલ આઠમા નંબરે છે.




આજરોજ ગાંધીનગર અખબાર ભવન ખાતે આમ આદમી પાર્ટી ના લોકસભાના પ્રભારી મુકેશ પટેલ તેમજ પ્રદેશ મહિલા ઉપાધ્યક્ષ રીનાબેન રાવલ અને પ્રદેશ સહમંત્રી સૂર્યસિંહ ડાભી દ્વારા પ્રેસ યોજવામાં આવી હતી અને કેજરીવાલજી દ્વારા જે કોઈ ગેરંટી આપવામાં આવી તે પ્રજા સુધી પહોંચાડી અને ૨૦૨૨ ની ચૂંટણીમાં પ્રજા મત માટે નું આવાહન કર્યું હતું. સુરતમાં થયેલ આપ અને ભાજપ બંને પક્ષના કાર્યકરોના ઘર્ષણમાં ઘાયલ થયેલ તેમજ પોલીસ કાર્યવાહી બાબતે નિષ્ક્રિયતા ની વાત કરી હતી. આ સાથે તેમણે કેજરીવાલ ની ગેરંટી ના ત્રણ મુદ્દાઓ નું પોસ્ટર પણ જાહેર કર્યું હતું. આગામી દિવસોમાં આમ આદમી પાર્ટી તમામ જિલ્લાઓમાં હોમ ટુ હોમ પ્રચાર કરવાની તૈયારી કરી રહી છે.

# ઝારખંડના દુમકાથી લઈને રાજધાની દિલ્હી સુધી એકતરફી પ્રેમના ગાંડપણમાં ભેટ ચઢી ૫ દીકરીઓ, હેવાનીયતની એક જેવી કહાનીઓ

નવીદિલ્હી,તા.૧

ઝારખંડના દુમકાથી લઈને રાજધાની દિલ્હી સુધી એકતરફી પ્રેમમાં પાગલ આશિકો દ્વારા દીકરીઓને મારવાની રુવાંટી ઊભી કરી દે તેવી ઘટનાઓને અંજામ આપ્યો છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના સંગમ વિહાર વિસ્તારમાં દુમકા જેવી જ ઘટના બની છે. મળતી માહિતી પ્રમાણે, એકતરફી પ્રેમમાં પાગલ વિધર્મી અને તેના સાથીઓએ ૧૬ વર્ષીય સગીરા પર ફાયરિંગ કરી હત્યાનો પ્રયાસ કર્યો છે. ગોળી વાગતાં જ વિદ્યાર્થિની ઘાયલ થઈ ગઈ હતી અને તેને સારવાર માટે ખસેડવામાં આવી હતી. હાલ આ મામલે પોલીસે આરોપી અરમાન અલીની ધરપકડ કરી છે અને અન્ય બે સાથીઓને પોલીસે પહેલાં જ પકડી લીધા છે. આમ અત્યાર સુધીમાં કુલ




૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

દક્ષિણી દિલ્હીના ડીસીપી બેનિતા મેરી જેકરના જણાવ્યા અનુસાર, ૨૫ ઓગસ્ટે ૧૫.૪૭ વાગ્યે તિગડી પોલીસને સંગમ વિહાર વિસ્તારમાં ૧૬ વર્ષીય સગીરાને ગોળી મારવાની જાણકારી મળી હતી. પોલીસને ઘટનાની જાણકારી મળતા જ ઘટનાસ્થળે પહોંચી હતી અને કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન જાણકારી મળી હતી કે, વિદ્યાર્થિનીને પીઠમાં ગોળી વાગી હતી અને તેને બત્રા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. પોલીસે બત્રા હોસ્પિટલ પહોંચીને પીડિતાનું નિવેદન લીધું છે.સગીરાએ જણાવ્યું હતુ કે, દિલ્હીના દેવલી રોડ સ્થિત કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ૧૧મા ધોરણમાં વિદ્યાર્થિની ભણે છે. જ્યારે તે સ્કૂલેથી પરત આવતી હતી ત્યારે ત્રણ શખસ બાઈક લઈને તેની પાછળ પાછળ આવ્યા હતા. જ્યારે વિદ્યાર્થિની સંગમ વિહારના બી બ્લોકમાં પહોંચી હતી ત્યારે એક યુવકે તેને પાછળથી ગોળી મારી હતી અને ત્રણેય ફરાર થઈ ગયા હતા. તેણે આગળ જણાવ્યું હતું કે, અમાનત અલી નામના એક વ્યક્તિને જાણે છે. તે છેલ્લા બે વર્ષથી સોશિયલ મીડિયામાં કનેક્ટ હતો. પરંતુ ૪-૫ મહિનાથી તે અમાનત સાથે વાત કરતી નહોતી, છતાંય અરમાન તેનો પીછો કરતો હતો.

અમાનત અલી ઈન્સ્ટાગ્રામ પર પણ છોકરીને પરેશાન કરતો હતો. ત્યારબાદ વિદ્યાર્થિનીએ તેને બ્લોક કરી દીધો. ૨૬ ઑગસ્ટના રોજ જ્યારે તે શાળાથી પાછી આવી રહી હતી તો ૩ બાઈક સવાર યુવકોએ તેનો પીછો કર્યો. જ્યારે તે સંગમ વિહારના બ્લોક-મ પાસે પહોંચી તો તેમાંથી એકે તેને ગોળી મારી દીધી. ત્રણેય છોકરા બાઈકથી ભાગી નીકળ્યા. છોકરીની હાલત આ સમયે ગંભીર છે, પરંતુ તેને પોતાનો પીછો કરનારની ઓળખ અમાનત અલીના રૂપમાં કરી છે.

આ અગાઉ ઝારખંડના દુમકા અને ચતરા સિવાય ઉત્તર પ્રદેશમાં પણ દીકરીઓ વિરુદ્ધ રુવાંટી ઊભી કરનારી ઘટના બની છે. દુમકાની રહેવાસી અંકિતા સિંહને સળગાવીને મારી નાખવામાં આવી. આરોપ છે કે શાહરુખ અંકિતાને એકતરફી પ્રેમ કરતો હતો. અંકિતાએ ના પાડી તો ૨૩ ઑગસ્ટના રોજ સવારે ૪ વાગ્યે શાહરુખ પોતાના મિત્ર સાથે અંકિતાના ઘરે પહોંચ્યો. અંકિતા સૂતી હતી. શાહરુખે બારીમાંથી પેટ્રોલ ફેક્યું અને આગ લગાવી દીધી. આગ લગાવીને આરોપી ભાગી ગયો. હૉસ્પિટલમાં સારવાર દરમિયાન દીકરી અંકિતાનું મોત થઈ ગયું. પોલીસ મુખ્ય આરોપી શાહરુખ અને તેના મિત્ર નઈમની ધરપકડ કરી લીધી છે.

ઝારખંડના ચતરામાં ૪ ઑગસ્ટના રોજ જ્યારે પીડિતા પોતાના ઘરમાં સૂઈ રહી હતી. એ સમયે બેલા ગામનો રહેવાસી સંદીપ ભારતીએ ઘરમાં ભરાઈને તેના પર એસિડ નાખી દીધું. પીડિતા માઠી રીતે દાઝી ગઈ, માતા પણ એસિડથી ઈજાગ્રસ્ત થઈ ગઈ. ઘટના બાદ આરોપી ભાગી ગયો હતો, પરંતુ ઘટનાના ૧૨ કલાકની અંદર પોલીસ તેની ધરપકડ કરી લીધી. પીડિતાને રિમ્સ મેડિકલ વોર્ડે હાયર સેન્ટર છૈંસ્જી મોકલવા માટે બુધવારની સવારે રિમ્સથી રેફર કરી દેવામાં આવી છે.

ઉત્તર પ્રદેશના અલીગઢમાં દુકાનમાં કામ કરીને ઘરે ફરી રહેલી યુવતી ઉપર પાડોશી યુવકે પેટ્રોલ ફેકીને સળગાવવાનો પ્રયત્ન કર્યો. તે પેટ્રોલ ફેકી જ શક્યો હતો કે યુવતી ચીસો પાડવા લાગી. પછી આરોપી ફરાર થઈ ગયો. ત્યારબાદ પોલીસ આરોપીને કસ્ટડીમાં લઈ લીધો. કવાર્સી પોલીસ સ્ટેશન વિસ્તારના કિશનપુર અનુસૂચિત પરિવારની ૧૧માં ધોરણની વિદ્યાર્થિની રામઘાટ રોડની એક ઈન્ટર કૉલેજમાં અભ્યાસ સાથે સાથે રામઘાટ રોડ પર સ્થિત એક દુકાનમાં નોકરી પણ કરતી હતી.

યુવતીને તેના પાડોશમાં રહેતા કૌશિક કુમાર નામનો યુવક મોટા ભાગે છેડછાડ કરતો હતો અને કહેતો હતો કે હું તેની સાથે મિત્રતા કરું. મધ્ય પ્રદેશના ખંડવામાં એક માથાભારે આશિકે પહેલા છોકરી પર લગ્ન કરવાનો દબાવ બનાવ્યો. પછી છોકરીએ ના પડતા છરાથી ગળું કાપી દીધું. હુમલામાં છોકરી લોહીથી લથબથ થઈને જમીન પર પડી ગઈ. આરોપી યુવક ઘટનાસ્થળ પરથી ફરાર થઈ ગયો. કાલે છોકરીનું શબ મળ્યું.

## એનઆઈએએ દાઉદ સહિત તમામ કુખ્યાત આતંકીઓ પર ઈનામ જાહેર કર્યા

### દાઉદ ઉપર ૨૫ લાખ,છોટા શકીલ પર ૨૦ લાખ,અનિસ ઈબ્રાહિમ, જાવેદ ચિકના અને ટાઈગર મેમણ ઉપર ૧૫-૧૫ લાખ રૂપિયાનું ઈનામ જાહેર

નવીદિલ્હી,તા.૧

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) એ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ પર ૨૫ લાખનું ઈનામ જાહેર કર્યું છે. દાઉદના સાથીઓ ઉપર પણ તપાસ એજન્સીએ ઈનામ રાખ્યું છે. એનઆઈએએ આ વર્ષે ૩ ફેબ્રુઆરીના રોજ એફઆઈઆર દાખલ કરી હતી. જેમાં દાઉદ ઈબ્રાહિમ, છોટા શકીલ, અનીસ ઈબ્રાહિમ, જાવેદ ચિકના, અને ટાઈગર મેમણ વિરુદ્ધ હથિયારોની તસ્કરી, નાર્કો ટેરરિઝમ, અંડરવર્લ્ડ ક્રિમિનલ સિન્ડિકેટ, મની લોન્ડરિંગ ઉપરાંત ખોટી રીતે જમીન હડપી લેવાનો આરોપ છે.

આ ઉપરાંત જૈશ અને અલકાયદા જેવા આતંકી સંગઠનો સાથે જોડાયેલા હોવાનો પણ એફઆઈઆરમાં ઉલ્લેખ છે. હવે એનઆઈએએ આ મામલે આ તમામ કુખ્યાત આતંકીઓ પર ઈનામ જાહેર કર્યા છે. દાઉદ ઈબ્રાહિમ પર ૨૫ લાખ રૂપિયા, છોટા શકીલ પર ૨૦ લાખ રૂપિયા, જ્યાર અનિસ ઈબ્રાહિમ, જાવેદ ચિકના અને ટાઈગર મેમણ પર ૧૫-૧૫ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે.

દાઉદ ઈબ્રાહિમે પાકિસ્તાનના કરાચીને પોતાનું ઠેકાણું બનાવ્યું છે. ૧૯૯૩ના મુંબઈ બોમ્બ વિસ્ફોટ ઉપરાંત ભારતમાં અનેક આતંકી ગતિવિધિઓ પાછળ દાઉદનો હાથ છે. વર્ષ ૨૦૦૩માં યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલે તેના પર ૨૫ મિલિનય ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું. હાફિઝ સઈદ, મૌલાના મસૂદ અઝહર, સૈયદ સલાહુદ્દીન, અબ્દુલ રઉફ અસગરની સાથે સાથે દાઉદ ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકીઓમાંથી એક છે.

મે મહિનામાં એનઆઈએએ મુંબઈથી ડી કંપનીના બે સહયોગીઓની ધરપકડ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે ધરપકડ કરાયેલા બંને આરોપી મુંબઈના પશ્ચિમી ઉપનગરોમાં ડી-કંપનીની ગેરકાયદેસર ગતિવિધિઓ અને આતંકી ફંડિંગમાં સામેલ હતા. આ ઉપરાંત તેઓ શકીલ શેખ ઉપરાંત છોટા શકીલના નીકટના સહયોગીઓ છે જે પાકિસ્તાનથઈ એક આંતરરાષ્ટ્રીય અપરાધિક સિન્ડિકેટ ચલાવે છે અને ભારતમાં જબરદસ્તીથી વસૂલી, નશીલા પદાર્થોની તસ્કરી અને હિંસક આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ છે. એનઆઈએએ મે મહિનામાં જ મુંબઈમાં દાઉદના સહયોગીઓ, ડ્રગ પેડલર્સ અને હવાલા ઓપરેટર્સ સંલગ્ન એક ડઝન કરતા વધુ ઠેકાણાઓ પર રેડ મારી હતી. એનઆઈએની ટીમોએ મુંબઈ અને થાણાના નાગપાડા, ભીંડી બજાર, મઝગાંવ, પરેલ, માહિમ, સાંતાક્રૂઝ, કુર્લા, ગોરેગાંવ, બોરીવલી, મુંબ્રા (થાણા) અને અન્ય સ્થાનો પર એકસાથે રેડ મારી હતી.

## ભારતમાં બેરોજગારોમાં ૧૬ ટકા ગ્રેજ્યુએટ ડિગ્રીધારકોનો સમાવેશ થયો છે

નવીદિલ્હી,તા.૧

ભારતમાં રોજગારદક્ષતામાં પરિવર્તનનો પવન ફૂંકનાર અગ્રણી જૂથ ટીમલીઝ ડિગ્રી એપ્રેન્ટિસશિપ અને અગ્રણી શ્રમ બજાર સંશોધન સંસ્થા જસ્ટજોબ્સ નેટવર્કે એક પ્રકારનો વિગતવાર 'ઈન્ડિયા એમ્પ્લોયેબિલિટી રિપોર્ટ' પ્રસ્તુત કર્યો છે. રિપોર્ટ 'રિઈમેજિનિંગ એમ્પ્લોયેબિલિટી ફોર ધ ૨૧સ્ટ-સેન્ચરી – ૧૦ મિલિયન એપ્રેન્ટિસીસ ઈન ૧૦ યર્સ' ભારતમાં રોજગારદક્ષતાની સંપૂર્ણ ઈકોસિસ્ટમમાં વિગતવાર જાણકારી આપે છે, શિક્ષણ અને કૌશલ્યમાં રહેલા ફરકનું અવલોકન રજૂ કરે છે તથા એના તાલીમાર્થીઓની સંખ્યા વધારવા ભારત માટે ૧૨-મુદ્દાનો એજન્ડા રજૂ કરે છે.

આ રિપોર્ટમાં શરૂઆતમાં ટીમલીઝ ડિગ્રી એપ્રેન્ટિસશિપ અને જસ્ટજોબ્સ નેટવર્કનું વિશ્લેષણ ભાર મૂકે છે કે, ભારતીય યુવાનો શિક્ષણ દરમિયાન કામની દુનિયાનો ઉચિત પરિચય ધરાવતા નથી. તેમનું શિક્ષણ અને કૌશલ્યો ઉદ્યોગની જરૂરિયાત સાથે પર્યાપ્ત રીતે સુસંગત હોતા નથી. ઉપરાંત કામની દુનિયા બદલાઈ રહી હોવાથી વધુને વધુ કંપનીઓ અગાઉ કામનો થોડો અનુભવ ધરાવતા ઉમેદવારોની ભરતી કરવા આતુર છે. આ સંદર્ભમાં એપ્રેન્ટિસશિપ્સ આ ફરક દૂર કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે, દેશની કુશળતાની શિક્ષણ પદ્ધતિમાં પરિવર્તન લાવે છે, યુવા પેઢીની રોજગારદક્ષતામાં વધારો કરે છે તથા ઉચિત તકો શોધવા ઉમેદવારોને અને કંપનીઓને એપ્રેન્ટિસ પૂરાં પાડવા સક્ષમ બનાવે છે. ગુણવત્તાયુક્ત તાલીમનો લાંબો સમય વિદ્યાર્થીઓને એપ્રેન્ટિસ તરીકે અનુભવ મેળવવા માટે સમય આપે છે અને તે કૌશલ્યોને અનુરૂપ જોબ માર્કેટની જરૂરિયાતો માટે યોગ્ય હોઈ શકે છે તેમ ટીમલીઝ સ્કિલ્સ યુનિવર્સીટીના પ્રોવોસ્ટ પ્રો.ડો. અવની ઉમટએ જણાવ્યું હતું. ટીમલીઝ સર્વિસીસના સહ-સ્થાપક અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર રિતુપર્ણા ચક્રવર્તીએ કહ્યું હતું કે, ભારત સૌથી વધુ ૩૭૧ મિલિયન યુવાનો ધરાવે છે, જેમાંથી ૩.૫ ટકા યુવાનો દર વર્ષે વર્કફોર્સમાં સામેલ થાય છે. વળી આપણે એવો દેશ છીએ, જ્યાં બેરોજગારી અને રોજગારીનો નીચો દર ચિંતાજનક બાબત છે. ભારતમાં વર્ષ ૨૦૦૯માં બેરોજગારીનો દર ૨.૩ ટકા હતો, જે વર્ષ ૨૦૧૮માં વધીને ૫.૮ ટકા થયો હતો અને યુવા બેરોજગારીનો દર ૧૨.૯ ટકા છે.

જોગાનુજોગે બેરોજગારોમાં ૧૬ ટકા ગ્રેજ્યુએટ ડિગ્રીધારકો છે અને ૧૪ ટકાથી વધારે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી વિદ્યાર્થીઓ છે. આ તમામ બાબતો કામની દુનિયાની જરૂરિયાતો અને આપણા યુવાનોની જાણકારી વચ્ચે નોંધપાત્ર ફરક હોવાનો સંકેત આપે છે.

મોટી સંખ્યામાં આપણા યુવાનોને ગુણવત્તાયુક્ત શિક્ષણ, તાલીમ અને રોજગારી પ્રદાન કરવી પ્રચંડ કામગીરી છે. ઉપરાંત શિક્ષણના પરિણામો કરતાં પુરવઠાના મોરચે વધારે ધ્યાન કેન્દ્રિત શિક્ષણ વ્યવસ્થા સાથે ઉમેદવારોનાં સામાજિક-આર્થિક પડકારો રોજગારીની સફરને વધારે પડકારજનક બનાવે છે. એપ્રેન્ટિસશિપ્સ એન્ટરપ્રાઈઝિંગ અને આશાસ્પદ સોલ્યુશન તરીકે વિકસી છે, જે ખરાં અર્થમાં ભારતમાં રોજગારદક્ષતા વધારે છે. જસ્ટજોબ્સ નેટવર્કના પ્રેસિડન્ટ અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સબિના દીવાને ઉમેર્યું હતું કે, ભારતમાં શિક્ષણ, તાલીમ અને રોજગારી વચ્ચેનો ફરક વધી રહ્યો છે. સરકારી યોજનાઓ અને સેવાભાવી, નફાકારક અને સરકારી સંસ્થાઓની જટિલ જાળ વચ્ચે ઔપચારિક તાલીમ ૪ ટકાથી ઓછા સ્તરે છે. જોબ માર્કેટની માગ સાથે તાલીમ ધરાવતો પુરવઠો સુસંગત નથી. આપણી વિશાળ અને વધતી યુવાન વસ્તીને તેમની કામગીરીની સંભવિતતા હાંસલ કરવા સારી રોજગારીઓની જરૂર છે, પણ વ્યવસાયોને બજારોની વધતી અને બદલાતી માગો પૂર્ણ કરવા સજ્જ વર્કફોર્સની જરૂર પણ છે. એપ્રેન્ટિસશિપ્સ આ ફરક દૂર કરવા મદદરૂપ થઈ શકે છે, જે યુવા પેઢી માટે શ્રેષ્ઠ પરિણામો લાવશે તેમજ કંપનીઓ ભરતી કરવાનો ખર્ચ ઘટાડીને, જરૂરિયાત આધારિત કુશળ લોકોની ભરતી કરીને અને વધુ ભરતી કરીને રોકાણ પર સારું વળતર પણ મેળવશે.

## ભૂપેન્દ્ર ચૌધરી બાદ યોગી કેબિનેટમાંથી પાંચ મંત્રીઓ રાજીનામા આપી શકે છે

### મંત્રી 'એક વ્યક્તિ, એક પદ' સિદ્ધાંત હેઠળ સરકાર કે સંગઠનમાં કોઈ એક પદ પરથી રાજીનામું આપી શકે છે.

લખનૌ,તા.૧

ઉત્તર પ્રદેશમાં નવનિયુક્ત ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ના અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરી બાદ વધુ ૫ મંત્રી રાજીનામું આપી શકે છે. આ એ ૫ મંત્રી છે જે સંગઠન અને સરકાર બંનેમાં મહત્ત્વના પદો પર છે. આ બધા મંત્રી 'એક વ્યક્તિ, એક પદ' સિદ્ધાંત હેઠળ સરકાર કે સંગઠનમાં કોઈ એક પદ પરથી રાજીનામું આપી શકે છે. ભૂપેન્દ્ર ચૌધરીએ પણ આ જ સિદ્ધાંતના કારણે રાજીનામું આપ્યું હતું. ચાલો તો આ આર્ટિકલમાં જોઈએ કયા ૫ મંત્રી યોગી આદિત્યનાથની કેબિનેટમાંથી આપી શકે છે રાજીનામું.

રાજીનામું આપનારા મંત્રીઓમાં પહેલું નામ અરવિંદ કુમાર શર્મા છે, જે કેબિનેટ મંત્રી છે અને તેઓ ભાજપ સંગઠનમાં ઉપાધ્યક્ષ પણ છે અને યોગી સરકારમાં શહેરી વિકાસ અને ઉર્જા મંત્રી છે. બીજું નામ તઁજી રાઠોર છે, જે યોગી સરકારમાં સહકારિતા રાજ્યમંત્રી (સ્વતંત્ર પ્રભાર) છે. ભાજપ સંગઠનમાં તેઓ મહાસચિવ પણ છે. ત્રીજા છે પરિવહન મંત્રી દયાશંકર સિંહ, જે ઉત્તર પ્રદેશ ભાજપના ઓબીસી સેલના ઉપાધ્યક્ષ અને પ્રભારી છે.

આગામી નામ પછાત વર્ગ કલ્યાણ અને દિવ્યાંગ અધિકારિતા રાજ્યમંત્રી (સ્વતંત્રતા પ્રભાર) નરેન્દ્ર કશ્યપ છે, જે ઉત્તર પ્રદેશમાં ઓબીસી મોરચાના અધ્યક્ષ છે. પાંચમું નામ બેબી રાની મૌર્યનું છે જે યોગી સરકારમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી છે અને ઉત્તર પ્રદેશ ભાજપ સંગઠનમાં પાર્ટીમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પણ છે. ૩૦ ઑગસ્ટના રોજ કેબિનેટની બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠક અગાઉ જ ભૂપેન્દ્ર ચૌધરીએ મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું હતું. ત્યારબાદ તેમણે પ્રદેશ મુખ્યાલયમાં સંગઠનના બધા પદાધિકારીઓ સાથે બેઠક કરી હતી. તેમને મળવા માટે



ઘણા મંત્રી અને ધારાસભ્ય પણ પહોંચ્યા હતા.ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાએ ૨૫ ઑગસ્ટના રોજ ભૂપેન્દ્ર ચૌધરીને પાર્ટીની ઉત્તર પ્રદેશ એકાઈના અધ્યક્ષના રૂપમાં નિમણૂક કરી હતી. ઉત્તર પ્રદેશ ભાજપના અધ્યક્ષની નિમણૂક થયા બાદ જ્યારે ભૂપેન્દ્ર ચૌધરી દિલ્હીથી લખનૌ પહોંચ્યા તો ત્યાં ચારબાગ રેલવે સ્ટેશન પર પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓએ તેમનું જોરદાર સ્વાગત કર્યું હતું. ૫૪ વર્ષીય ભૂપેન્દ્ર ચૌધરી મુરાદાબાદના મહેન્દ્ર સિકંદરપુરમાં રહેવાસી ખેડૂત પરિવારમાંથી આવે છે. તેઓ રાજનૈતિક સફરના શરૂઆતી દિવસોમાં વિશ્વ હિન્દુ પરિષદ સાથે જોડાયા હતા.

## તંત્રી સ્થાનેથી...

# વધતી સડક દુર્ઘટનાઓ

સડક દુર્ઘટનાઓને લઈને રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરો એટલે કે એનસીઆરબીનો રિપોર્ટ ચિંતિત અને સાથે જ નિરાશ કરનારો પણ છે. આ રિપોર્ટ અનુસાર ગયા વર્ષે માર્ગ દુર્ઘટનાઓમાં દોઢ લાખથી વધારે લોકોના જીવ ગયા. તેનો અર્થ છે કે સડક સુરક્ષા સપ્તાહો જેવા આયોજનો અને માર્ગ દુર્ઘટનાઓને રોકવાના અન્ય પ્રયાસ નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. કારણ કે થોડા વર્ષ પહેલાં સુધી આ આંકડો એક લાખ મોતની આસપાસ હતો. માર્ગ દુર્ઘટનાઓમાં મરનારાઓની સંખ્યા વધવી એટલા માટે ગંભીર ચિંતાનો વિષય છે, કારણ કે કેટલાય એવા દેશોના મુકાબલે ભારતમાં વાહનોની સંખ્યા એટલી નથી, જ્યાં ઓછી સડક દુર્ઘટનાઓ થાય છે. એનસીઆરબી અનુસાર લગભગ ૬૦ ટકા સડક દુર્ઘટનાઓ વાહનોની ઝડપી ગતિને કારણે થાય છે. આ કારણના મૂળમાં જવાની જરૂર છે. કારણ કે પરિવહન નિયમોની અવગણના, ખોટી અને કેટલીય વાર તો વિરુદ્ધ દિશામાં વાહન ચલાવવા, અતિક્રમણ અને સડકોની ખરાબ ડિઝાઈનને કારણે પણ દુર્ઘટનાઓ થાય છે. એ જ રીતે સડકોના ખાડા પણ માર્ગ દુર્ઘટનાનું કારણ બને છે. ખાડા મુક્ત સડકોનો સંકલ્પ ફક્ત એક નારો બની ગયો છે. મોટાભાગની મુખ્ય સડકો પર પણ મહિનાઓ સુધી ખાડા પડેલા રહે છે. તેને કારણે દુર્ઘટનાઓ પણ થતી રહે છે, પરંતુ જેના પર સડકોની સારસંભાળની જવાબદારી છે, તેઓ ચેતતા નથી.

એનસીઆરબીના આંકડા એ પણ કહી રહ્યા છે કે સડકોની લંબાઈમાં ફક્ત ૨.૧ ટકાની હિસ્સેદારી વાળા રાષ્ટ્રીય રાજમાર્ગોમાં ૩૦ ટકાથી વધારે સડક દુર્ઘટનાઓ થાય છે. તેનો મતલબ છે કે જેમ જેમ રાષ્ટ્રીય રાજમાર્ગ બની રહ્યા છે, તેમ તેમ માર્ગ દુર્ઘટનાઓનો આંકડો પણ વધી રહ્યો છે. એવામાં એ જરૂરી છે કે સડક દુર્ઘટનાઓના મૂળ કારણોની ઓળખ કરીને તેનું પ્રાથમિકતાના આધાર પર નિવારણ કરવામાં આવે. તેમાં કેન્દ્ર સરકારની સાથે રાજ્ય સરકારો અને તેમની પરિવહન પોલીસે પણ સજાગતા દેખાડવી પડશે. તે ઉપરાંત સડકોની સારસંભાળ માટે અધિકૃત વિભાગોને પણ જવાબદાર બનાવવા પડશે. હાલમાં આ જવાબદારી ફક્ત કાગળિયા પૂરતી જ સીમિત છે. એ જ કારણે સડકો પર દુર્ઘટના બહુ સ્થળોની ઓળખ થયા બાદ પણ સમય રહેતાં અપેક્ષિત પગલાં નથી ઉઠાવવામાં આવતાં. એક તથ્ય એ પણ છે કે પરિવહન નિયમોની અવગણના કરનારાઓ વિરુદ્ધ કઠોર કાર્યવાહી નથી કરવામાં આવતી. સડક દુર્ઘટનાઓને રોકવાના ઉપાયો પર એટલા માટે પ્રાથમિકતાના આધાર પર અમલ થવો જોઈએ, કારણ કે આ દુર્ઘટનાઓમાં મોટાભાગે તેમના જીવ જાય છે, જે પોતાના પરિવારના કમાઉ સદસ્ય હોય છે. એનાથી એ પરિવાર ગંભીર સંકટથી ઘેરાઈ જાય છે. આ સંકટ સમાજની સાથે રાષ્ટ્રને પણ પ્રભાવિત કરે છે.

# બોધકથા..માનવની ઓળખાણ વ્યવહાર અને નિયતથી થાય છે



એક રાજાના દરબારમાં એક અજાણ્યો માણસ નોકરી માટે આવે છે.રાજાએ તેની યોગ્યતા વિશે પુછ્યું ત્યારે તેને કહ્યું કે હું માણસ હોય કે જાનવર તેને જોઈએ તેના વિશેની વાસ્તવિકતા બતાવી શકું છું.રાજાએ તેને ખાસ બનાવેલ ઘોડાસરનો ઈન્ચાર્જ બનાવવામાં આવે છે.

કેટલાક દિવસો બાદબાદ રાજાએ તેને બોલાવીને પોતાના સૌથી મોંઘા અને મનપસંદ ઘોડા વિશે પુછે છે ત્યારે તેમને કહ્યું કે હજૂર..આપનો ખાસ ઘોડો અસલ નસ્લનો નથી.રાજાને ઘણી જ નવાઈ લાગે છે અને જેની પાસેથી આ ઘોડો ખરીદ્યો હતો તેને બોલાવવામાં આવે છે ત્યારે તે કહે છે કે ઘોડાની નસ્લ તો અસલ છે પરંતુ તેના જન્મ પછી તેની માઁ મરી ગઈ હતી તેથી ગાયનું દૂધ પીવડાવીને આ ઘોડાને મોટો કર્યો હતો.

રાજાએ નોકરને બોલાવીને પુછ્યું કે તમોને કેવી રીતે ખબર પડી કે ઘોડાની નસ્લ અસલ નથી? ત્યારે નોકર કહે છે કે ઘોડો જ્યારે ઘાસ ખાય છે ત્યારે ઘાસ મોંઢામાં લઈને માથું ઉંચુ રાખીને ખાતો હોય છે જ્યારે આ ઘોડો માથું નીચું રાખીને ખાય છે.રાજા તેની ગુણશક્તિ અને નિપુણતાથી બહું ખુશ થાય છે અને અનાજ,ઘી,મુરઘીઓ અને ઈંડા ઈનામના રૂપમાં આપે છે.

ફરીથી કેટલાક દિવસો બાદ રાજા તેને પોતાની રાણીના વિશે પુછે છે ત્યારે નોકર કહે છે કે ચાલ-ચલણ તો રાણી જેવી છે પરંતુ તે જન્મજાત રાજકુંવરી નથી.રાજાના તો પગ નીચેથી ધરતી ખસી જાય છે. રાજા પોતાની સાસુને બોલાવે છે અને તમામ હકીકતની જાણ કરે છે ત્યારે રાજાની સાસુ કહે છે કે આપના પિતાજી અને મારા પતિ પરમમિત્ર હતા.જ્યારે અમારા ઘેર પૂત્રીનો જન્મ થયો ત્યારે આપના માટે અમારી દિકરીની માંગણી કરી લીધી હતી પરંતુ છ મહિનામાં જ અમારી દિકરીનું અવસાન થાય છે.આપણા બંનેના પરીવારના સબંધો કાયમ રહે તે ભાવથી અમે બીજા મિત્રની દિકરીને ગોદ લીધી હતી.

ત્યારે રાજા નોકરને પુછે છે કે તમોને કેવી રીતે ખબર પડી? ત્યારે નોકર કહે છે કે એક ખાનદાન માણસનો અન્ય લોકો સાથેનો વ્યવહાર સુંદર મીઠો મધુર હોય છે જે રાણી સાહેબમાં જોવા મળતો નથી. રાણી સાહેબનો નોકરોની સાથેનો વ્યવહાર નીચના જેવો છે.

રાજાએ નોકરની પારખું નજરથી પ્રભાવિત થઈને અનાજ,ઘેંટા-બકરા ઈનામના રૂપમાં આપીને રાજ દરબારમાં નોકરીમાં રાખી લે છે અને એક દિવસ રાજા પોતાના વિશે પુછે છે ત્યારે નોકર કહે છે કે મારા જાનની સલામતીનું વચન આપો તો આપની વાસ્તવિકતા કહું. રાજા વચન આપે છે ત્યારે નોકર કહે છે કે આપ રાજાના પૂત્ર રાજકુંવર નથી અને તમારી ચાલ-ચલન અને વ્યવહાર પણ રાજા જેવો નથી.

રાજાને ઘણો જ ગુસ્સો આવે છે પરંતુ નોકરને જાનની સલામતીનું વચન આપેલું હોવાથી કશું જ કરી શકતા નથી તેથી સીધા પોતાની માતાના મહેલમાં જાય છે અને પોતાના જન્મ વિશે પુછે છે ત્યારે માતા કહે છે કે સત્ય એ છે કે તૂં એક ઘેંટા બકરા ચરાવનાર ભરવાડનો છોકરો છે.અમારે કોઈ સંતાન ન હતું એટલે એક ભરવાડ પાસેથી તને દત્તક લીધો હતો.

રાજા નોકરને બોલાવે છે અને પુછે છે કે તમોને કેવી રીતે ખબર પડી કે હું રાજકુમાર નથી? ત્યારે નોકર કહે છે કે રાજા કોઈના ઉપર પ્રસન્ન થાય છે ત્યારે ઈનામના રૂપમાં હીરા-મોતી ઝવેરાત આપતા હોય છે પરંતુ આપ જ્યારે જ્યારે મારી પારખું નજરથી પ્રભાવિત થયા ત્યારે ત્યારે મને ઘેંટા-બકરા અને ખાવા-પીવાની ચીજવસ્તુઓ જ આપી છે.આવો વ્યવહાર કોઈ રાજાનો ના હોઈ શકે..! રાજાને ઘણી જ નવાઈ લાગે છે.આ બોધકથામાંથી આપણે એ બોધ મળે છે કે..કોઈપણ વ્યક્તિ પાસે ગમે તેટલી ધન-દૌલત,સુખ-સમૃદ્ધિ,પદ-પ્રતિષ્ઠા મળી જાય..આ બધા બાહ્ય દેખાવ છે.માનવીની વાસ્તવિક ઓળખાણ તેનો વ્યવહાર અને તેની નિયતથી થાય છે.

જેને સત્ય બ્રહ્મની પ્રાપ્?તિ કરી એવા સંતોની સાથે દુર્જનો સહજ સ્વાભાવિક યુગોથી વૈર કરતા આવ્યા છે.સંસારના લોકોના કાર્યો આશ્ચર્યજનક છે કેમકે તે અવતારો,પીરોનો તેમના જીવનકાળ દરમ્યાન સન્માન કરતા નથી પરંતુ તેમના દેહાંત બાદ તેમની પૂજા કરે છે.વર્તમાન સમયમાં પણ મુર્ખ લોકો પોતાની જીદના કારણે વર્તમાન સમયના સંતોના જીવનમાંથી કંઈ જ ન શીખતાં કુમાર્ગ ઉપર ચાલી રહ્યા છે.સંતો પાસેથી બ્રહ્માનુભૂતિનો લાભ ઉઠાવવાના બદલે તેમની સાથે વેર કરી રહ્યા છે.સંતો ક્યારેય દુર્જનોની સાથે વૈરભાવ રાખતા નથી,તે તો તેમને પોતાનું જ સ્વરૂપ માનીને પ્રેમપૂર્વક વ્યવહાર કરે છે.

જે વ્યક્તિ પોતાના વ્યવહારથી કે પોતાની વાણીની કડવાશથી બીજાનું દિલ દુભાવે છે તેના જીવનમાં અંધકાર ભરાઈ જાય છે.જેનામાં અભિમાન છે,અહંકાર છે તેને મહાન માનવામાં આવતા નથી.મહાન તે છે કે જેનામાં દાસ ભાવના છે,વિનમ્રતા છે,જેના હૃદયમાં મિઠાસ છે,જેને શુધ્ધ વ્યવહાર કર્યો છે.જીવનના દરેક પ્રસંગોએ વિનયપૂર્વક વ્યવહાર કરવો જોઈએ.ભક્તના અંતઃકરણમાં પ્રાણીમાત્ર સાથે મૈત્રી તથા દયાનો ભાવ હોય છે.તે બીજા માટે જે કંઈ કરે છે તે કર્તવ્ય તરીકે નહી પરંતુ સ્નેહથી કરે છે.પોતાનું અનિષ્ટ કરવાવાળા પ્રત્યે પણ ભક્ત મિત્રતાનો વ્યવહાર કરે છે.ભક્ત માને છે કે મારૂં અનિષ્ટ કરવાવાળો..અનિષ્ટમાં નિમિત્ત બનીને મારા પૂર્વમાં કરેલા પાપકર્મોનો નાશ કરી રહ્યા છે તેથી તે વિશેષરૂપે આદરને પાત્ર છે.કોઈની પણ સાથે કપટપૂર્ણ વ્યવહાર ન કરવો અને કોઈની પણ આજીવિકાને નુકશાન ન પહોચાડવું તથા ક્યારેય કોઈના પણ વિશે મનમાં અહિત ન વિચારવું.કોઈની પાસે ગમે તેટલી ધનદૌલત,સુખ સમુદ્ધિ હોય એ ફક્ત બાહ્ય દેખાવ છે.વ્યવહારમાં સામાન્ય ભૂલ થાય તો સજા થાય છે પણ પરમાર્થમાં કદાચ મોટી ભૂલ થાય તો પણ પ્રભુ ક્ષમા કરે છે.પરમાર્થ સહેલો છે,વ્યવહાર કઠણ છે.વ્યવહારમાં થોડી પણ ભૂલ થાય તો લોકો ક્ષમા આપતા નથી.વ્યવહારમાં બહુ સાવધાનીની જરૂર છે.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા. શહેરા,જી. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# એમસીએક્સ પર સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈ

**પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૯૬૧૯ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૮૮૫૬ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૩૮ કરોડનાં કામકાજ**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૦૬,૮૭૩ સોદાઓમાં કુલ રૂ.૧૮,૫૧૩.૦૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૯૬૧૮.૮૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૮૮૫૬.૦૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭૭,૧૪૮ સોદાઓમાં કુલ રૂ.૫,૪૧૭.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૨૦૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૨૯૩ અને નીચામાં રૂ.૫૦,૦૫૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭૮ ઘટી રૂ.૫૦,૧૩૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૨૯ ઘટી રૂ.૪૦,૨૯૫ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૮ ઘટી રૂ.૫,૦૦૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૨૮૦ના ભાવે ખૂલી, રૂ.૨૨૩ ઘટી રૂ.૫૦,૨૯૭ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૬૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૮૫૦ અને નીચામાં રૂ.૫૧,૫૮૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૯૧૦ ઘટી રૂ.૫૧,૬૫૧ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૮૩૫ ઘટી રૂ.૫૩,૦૨૪ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૮૨૭ ઘટી રૂ.૫૩,૧૦૧ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૨,૬૫૫ સોદાઓમાં રૂ.૧,૯૨૫.૪૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૩.૨૦ ઘટી રૂ.૨૦૩.૦૫ અને જસત સપ્ટેમ્બર વાયદો રૂ.૧૫.૯૫ ઘટી રૂ.૨૯૪ના ભાવ થયા હતા. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૮.૬૦ ઘટી રૂ.૬૪૦.૮૫ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૦ ઘટી રૂ.૧૭૭ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૬,૩૮૦ સોદાઓમાં કુલ રૂ.૨,૨૫૯.૪૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૧૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૧૫૦ અને નીચામાં રૂ.૬,૯૫૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૯૯ ઘટી રૂ.૬,૯૯૮ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯ ઘટી રૂ.૭૨૩.૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨૧૭ સોદાઓમાં રૂ.૧૬.૯૦ કરોડનાં કામકાજ થયા હતા. કોટન સપ્ટેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૮,૧૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૮,૨૯૦ અને નીચામાં રૂ.૩૭,૯૩૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૯૦ ઘટી રૂ.૩૮,૧૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૨૦ વધી રૂ.૯૭૮.૮૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૭૮૫.૦૮ કરોડનાં ૫,૫૪૭.૩૩૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૬૩૧.૯૬ કરોડનાં ૫૦૦.૪૭૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૨૬૮.૨૧ કરોડનાં ૧૮,૦૦,૩૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૯૯૧ કરોડનાં ૧૩૭૦૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૧૧.૦૮ કરોડનાં ૨૯૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૫.૮૨ કરોડનાં ૫૯.૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૯૯૬.૪૭૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૩૫૧.૨૨૬ ટન, ક્રૂડ તેલમાં ૯૮૫૪૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૧૯૧૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૩૯૯૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૬૬૯.૯૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૮.૨૧ કરોડનાં ૫૬૧ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૩,૬૫૭ના સ્તરે ખૂલી, ૧૧૨ પોઈન્ટ ઘટી ૧૩,૬૧૫ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૮,૮૫૬.૦૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૩૦.૪૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧૬.૯૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭,૫૨૫.૧૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૮૩.૨૦ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૪૩.૫૭ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૭૮.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૮૭ અને નીચામાં રૂ.૧૩૫ રહી, અંતે રૂ.૪૭.૨૦ ઘટી રૂ.૧૫૦.૭૦ થયો હતો. જ્યારે સોનું સપ્ટેમ્બર રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૮ ખૂલી, ઊપરમાં રૂ.૩૭૦ અને નીચામાં રૂ.૩૦૦ રહી, અંતે રૂ.૯૧ ઘટી રૂ.૩૨૭ થયો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૮૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૩.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૪ અને નીચામાં રૂ.૨૦.૩૫ રહી, અંતે રૂ.૧.૮૦ ઘટી રૂ.૨૨.૧૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫૧૫.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૭૦ અને નીચામાં રૂ.૪૯૦ રહી, અંતે રૂ.૯૭.૫૦ ઘટી રૂ.૫૧૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૩ ખૂલી, ઊપરમાં રૂ.૧૬૯ અને નીચામાં રૂ.૧૩૬ રહી, અંતે રૂ.૩૬ ઘટી રૂ.૧૬૦.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૬૨.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૪૭ અને નીચામાં રૂ.૨૫૭ રહી, અંતે રૂ.૧૦૧.૬૦ વધી રૂ.૩૩૫.૨૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪૪.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૦.૩૦ અને નીચામાં રૂ.૪૪.૫૦ રહી, અંતે રૂ.૪.૫૦ વધી રૂ.૪૮.૦૫ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૪૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮૨.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૭.૫૦ અને નીચામાં રૂ.૮૨.૫૦ રહી, અંતે રૂ.૧૯ વધી રૂ.૯૨ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૧૨૭ ખૂલી, ઊપરમાં રૂ.૨,૨૭૫ અને નીચામાં રૂ.૨,૦૫૦ રહી, અંતે રૂ.૪૨૭ વધી રૂ.૨,૧૨૧.૫૦ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩૨ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૬ અને નીચામાં રૂ.૪૨૦ રહી, અંતે રૂ.૬૭.૫૦ વધી રૂ.૪૬૫ થયો હતો.

# સુરતમાં અંગત અદાવતમાં ઘપાઘપ માર્યા ચાકૂના ઘા,સારવાર દરમિયાન યુવકનું મોત

સુરત,તા.૧

સુરત હવે ગુનેગારોની નગરી હોઈ તેવી એક પછી એક ઘટના સામે આવી રહી છે. ૨૪ કલાકમાં બે હત્યાના બનાવના કારણે સુરત પોલીસ દોડતી થઈ છે. સુરતના લિંબાયત વિસ્તારમાં મોડી રાત્રે ખૂની ખેલ ખેલાયો હતો. અંગત અદાવતમાં અજાણ્યા ઈસમોએ કેતન રમેશ હેડાઉ પર ચપ્પુના સાતથી આઠ ઘા માર્યા હતા. જેથી કેતનને સારવાર માટે સુરતની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. હત્યાના બનાવને લઈને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.સુરતના લિંબાયત વિસ્તારમાં રહેતા કેતન નામનો યુવાન એરલાઈન્સમાં નોકરી કરી પોતાના પરિવારજનોનું ગુજરાત ચલાવતો હતો. રાત્રી દરમિયાન કેતન મમતા ટોકીઝ પાસે થી જઈ રહ્યો હતો. દરમિયાન અજાણ્યા શખ્સો દ્વારા કેતન ઉપર તીક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં કેતન ગંભીર રીતે ઘાયલ થયો હતો. હુમલા બાદ તમામ આરોપીઓ ત્યાંથી ભાગી છુટ્યા હતા. બીજી તરફ આ ઘટનાને પગલે સ્થાનિકોમાં પણ ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.

સ્થાનિક લોકોએ ૧૦૮ ને કોલ કરી કેતનને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જોકે હાજર તબીબે કેતનને મૃત ઘોષિત કરતા પરિવારજનોમાં શોકનું વાતાવરણ જોવા મળ્યું હતું. આ ઘટનાની જાણ થતા જ લિંબાયત પોલીસ તેમજ ઉપરી અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને તપાસ શરૂ કરી હતી. પોલીસ તપાસ દરમિયાન મૃતકના પિતાએ જણાવ્યું હતું કે, અમારી પોલીસ અને સરકાર પાસે એક જ માંગ છે કે, આવું કોઈની સાથે થવું ન જોઈએ. મારનાર કોણ હતા એ ખબર નથી. પરંતુ, પાંચેક મદ્રાસી હોવાનું જાણવા મળ્યું છે. કાન, ગરદન અને હાથ ચપ્પુના સાતથી આઠ ઘા પર મારવામાં આવ્યા હતા. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે અને અમારી માત્ર ન્યાયની એક જ માંગ છે. જેથી આવી ઘટના ફરી ન બને.

# નાગરિકો સુખાકારી જીવન જીવી શકે તે માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે : કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રી દેવુસિંહ ચૌહાણ

## ગણેશ ચતુર્થી અને સંવંત્સરીના પાવન પર્વે સાક્ષર ભૂમિ નડિયાદની જનતાને રૂ. ૪૨.૩૦ કરોડના વિકાસ કામોની સોગાદ આપતા મુખ્યમંત્રીશ્રી

નડિયાદ,તા.૧

ગણેશ ચતુર્થી અને સંવંત્સરીના પાવન પર્વે સાક્ષર ભૂમિ નડિયાદની જનતાને રૂ. ૪૨.૩૦ કરોડના વિકાસ કામોની ભેટ મળી છે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું કે, ભારત સરકાર અને ગુજરાત સરકાર નાગરિકો સુખાકારી જીવન જીવી શકે તે માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે જેને પરિણામે નાગરિકોના જીવન ધોરણમાં સુધારો થયો છે. નાગરિકોના જીવન ધોરણને ઉચ્ચ લાવવા પાયામાં જિલ્લા પંચાયત રહેલી છે. ગુજરાત સહકારી અને પંચાયતી રાજમાં આગવું સ્થાન ધરાવે છે શહેરનો ડભાણ રોડ એ પ્રજાના પ્રશ્નોને ઉકેલ લાવવામાં મુખ્ય ભૂમિકા નિભાવશે એવો વિશ્વાસ વ્યકત કરી તેમણે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, સરપંચોની કામગીરી બિરદાવી અને ગણેશ ચતુર્થીના પાવન અવસરની સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.

પંચાયત વિભાગના છેલ્લા એક વર્ષ દરમિયાન થયેલા રોજગારી અને વિવિધ વિકાસ કામોની જાણકારી આપતા તેમણે જણાવ્યું કે રાજ્યમાં ૩૦૦૦ ગ્રામ પંચાયતના મકાનોના નિર્માણની કામગીરી, રાપર તાલુકા પંચાયતના અધિકારીઓ, પંચાયત વિભાગના વિવિધ ૧૭ સંવર્ગની ૧૩૩૩૧ જગ્યાઓમાં નિમણૂંક અને આગામી સમયમાં વિવિધ સંવર્ગમાં નિમણૂંક પત્રો આપવામાં આવશે. સંતરામ મહારાજની પાવન ભૂમિમાં અવતરેલા તમામ મહાપુરુષોને યાદ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે સરદાર સાહેબના એક ભારતથી શરૂ કરીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈના શ્રેષ્ઠ ભારત સુધીની વિકાસ યાત્રામાં મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં વિકાસના અનેક આયામો સર કર્યા છે.

ખેડા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નયનાબેન પટેલે સૌનો આવકાર કરતા ખેડા જિલ્લાના સર્વાંગી અને સર્વસમાવેશક વિકાસમાં યોગદાન આપનાર મહાનુભાવોનું સ્મરણ કરતાં જણાવ્યું કે, ૧૯૭૬માં તે વખતના મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે જિલ્લા પંચાયત ભવનને ખુલ્લું મૂક્યું હતું. આજે ૪૬ વર્ષ બાદ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે જે ગૌરવની વાત છે. ખેડા જિલ્લો આજે સમગ્ર રાજ્યની સાથે વિકાસના તમામ ક્ષેત્રોમાં આગળ વધી રહ્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે ખેડા જિલ્લાના નડિયાદ ખાતે અંદાજે રૂ. ૨૭ કરોડના ખર્ચે નિર્માણ થયેલ અદ્યતન જિલ્લા પંચાયત ભવનનું લોકાર્પણ કરવા સાથે નડિયાદ, માતર અને વસો તાલુકામાં જન સુવિધા અને જનસુખાકારીના રૂ.૧૫.૩૦ કરોડના વિકાસ કામો સહિત કુલ રૂ. ૪૨.૩૦ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પટેલે ઉમેર્યું કે, બે દાયકા પૂર્વે વિકાસ માત્ર એક ક્ષેત્ર કે વિસ્તાર પૂરતો સીમિત હતો. જેમ કે, વડોદરાથી વાપી સુધી જ ઔદ્યોગિક વિકાસ થતો હતો. આજની સ્થિતિએ વિકાસની ક્ષિતિજો વિસ્તરી છે અને ગામડા તથા તાલુકા સુધી તમામ પાયાની સુવિધાઓ સાથે જિલ્લા મથકો ઉપર આધુનિક સુવિધાઓ આપવામાં આવી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના વિવિધ ક્ષેત્રમાં થયેલા વિકાસની ભૂમિકા આપતા જણાવ્યું કે, પહેલા પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ડ્રોપ આઉટ રેશિયો ૩૭ ટકા જેટલો હતો. જે આજે ઘટીને માત્ર ૩ ટકા જેટલો જ રહ્યો છે.

તેની સાથે આરોગ્ય ક્ષેત્રે પણ સુવિધાઓનો વિસ્તાર કરવામાં આવ્યો છે. જન આરોગ્યની ખેવના માટે ગામેગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, વેલનેસ સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે. તેનાથી ગ્રામીણોને ઘરઆંગણે આરોગ્યની સુવિધા પ્રાપ્ત થઈ રહી છે. આ આરોગ્યની સુવિધાઓ કેટલી ફાયદાકારક બની તે બાબતનો ખ્યાલ કોવિડ મહામારી સમયે આપણને આવ્યો હતો, તેમ કહેતા પટેલે એમ પણ ઉમેર્યું કે, કોવિડ મહામારીમાં આ આરોગ્ય કેન્દ્રો આશીર્વાદ સ્વરૂપ સાબિત થયા હતા. આ વૈશ્વિક મહામારીમાં વિકસિત દેશોએ પણ પોતના નાગરિકોને બેહાલ છોડી દીધા હતા. તેવા કપરા સમયે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુકાન સંભાળી દેશના નાગરિકોને આ કપરા કાળમાંથી બહાર કાઢ્યા છે. તેમણે દેશના તમામ નાગરિકોને વિનામૂલ્યે વેક્સીન આપી સુરક્ષા કવચ પૂરૂ પાડ્યું છે. એટલું જ નહીં, તેમણે ગરીબોની પણ ચિંતા કરી તમામ ગરીબ પરિવારોને મફત અનાજ આપી તેમની જઠરાગ્નિ તૃપ્ત કરવાનો યજ્ઞ શરૂ કર્યો તે આજે પણ ચાલું છે.

રાજ્યની સુદ્રઢ નાણાકીય વ્યવસ્થાપન અંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, અમારી સરકારે આ ચાલુ નાણાકીય વર્ષનું બજેટ સૌથી મોટા કદનું આપ્યું હતું. તે બાબત રાજ્યના સર્વાંગી વિકાસને દર્શાવે છે. શ્રેષ્ઠ નાણાંકીય વ્યવસ્થાપન માટે નીતિ આયોગના રિપોર્ટ પણ ગુજરાતને નંબર વન આપે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, ગુજરાત વિકાસની વધુ તેજ ગતિથી આગળ વધે તે માટે સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસથી સરકારની વિવિધ લોકકલ્યાણની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા સરકાર પ્રતિબદ્ધ છે. કેન્દ્રમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી હોવાથી ગુજરાતને ડબલ એન્જિન સરકારનો લાભ મળી રહ્યો છે.

# ગાંધીનગર ખાતે ભાજપા તરફથી સમર્પિત આયોગ માં ઓબીસી સમાજને સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ માં અનામત આપવા અંગે રજુઆત કરવામાં આવી.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજે તારીખ ૦૧ સપ્ટેમ્બરના રોજ રાજકીય પક્ષો માટે સમર્પિત આયોગના ચેરમેન અને નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશના અધ્યક્ષપણ હેઠળ સમર્પિત આયોગની બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં ભારતીય જનતા પાર્ટીનું પ્રતિનિધિમંડળ જેમાં પુર્વ મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, મંત્રી શ્રી જગદીશભાઈ પંચાલ, શ્રી અલ્પેશભાઈ ઠાકોર, શ્રી પરીન્દુભાઈ (કાકુભાઈ) ભગત, શ્રી ઉદયભાઈ કાનગડ, શ્રી ડો.ભરતભાઈ ડાંગર, શ્રી કાળુંભાઈ ઝાખડ અને શ્રી અભયસિંહ ચૌહાણ સહિતના આગેવાનો બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠક પછી પ્રદેશના સહ પ્રવકતાશ્રી ભરતભાઈ ડાંગરે મીડિયા સાથે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ગાંધીનગર ખાતે ભાજપા તરફથી સમર્પિત આયોગ માં ઓબીસી સમાજને સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ માં અનામત આપવા અંગે રજુઆત કરાઈ.જનસંઘના સંસ્થાપક મહામંત્રી શ્રદ્ધેય પંડિત દિન દયાલજીના એકાત્મ માનવ દર્શનના મંત્ર સાથે ભાજપા હંમેશા સમાજના વંચિતો/ પિડિતો/ શોષિતોને મુખ્ય પ્રવાહમાં લાવી સમગ્ર સમાજનો વિકાસ વિવિધ કલ્યાણકારી સામુદાયિક અને વ્યક્તિગત યોજનાઓ અમલમાં મુકીને માનનીય પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વ માં કરી રહ્યા છે.

શ્રી ભરતભાઈ ડાંગરે વધુમાં જણાવ્યું કે,દેશના ઈતિહાસ પર નજર નાખીયે તો ધ્યાનમાં આવે છે કે દેશની આઝાદી બાદ ૧૯૫૫ માં કાકા કાલેલકર કમીશન ધ્વરા ઓબીસી સમાજો માટે કલ્યાણકારી ભલામણો કરવામાં આવી પરંતુ ત્યારની કેન્દ્રની કોંગ્રેસ સરકારે આ અહેવાલ કચરા ટોપલીમાં નાંખ્યો. વર્ષ ૧૯૭૬માં ઓબીસી વર્ગોના કલ્યાણ માટે નો બક્ષી અહેવાલ આવ્યો. જનસંઘના સમર્થન વાળી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલની સરકારશ્રી ધ્વારા એક જ વર્ષ માં ૧૯૭૭ માં આ બક્ષી પંચનો અહેવાલ સ્વિકારવામાં આવ્યો. કેન્દ્ર સરકારમાં પણ જનસંઘના સમર્થન વાળી મોરારજી દેસાઈની સરકારે પણ આ અહેવાલને મંજુરીની મહોર મારી.

શ્રી ભરતભાઈ ડાંગરે વધુમાં જણાવ્યું કે,માન. અટલજી, માન. અડવાણીજી કેન્દ્રીય મંત્રી હતા ત્યારે ૧૯૭૮માં જનસંધના સમર્થન વાળી શ્રી મોરારજી દેસાઈની સરકાર ધ્વારા ઓબીસી સમાજ માટે મંડલ કમીશનની રચના કરવામાં આવી.

જે કમિશનની ભલામણો ને ઘણા લાંબા સમય સુધી કોંગ્રેસની કેન્દ્ર અને રાજય સરકારોએ અમલ કર્યો નહીં.ગુજરાતમાં બક્ષીપંચ સમાજની ૧૪૬ જ્ઞાતિઓ ને શિક્ષણમાં અને નોકરીઓ માં ૨૭% અનામત આપવાનો મહત્વપુર્ણ નિર્ણય ભાજપા સરકારે ૦૧/૧૧/૧૯૯૫ના કરીને આર્થિક અને સામાજીક રીતે નબળા લોકોને મુખ્ય ધારા માં લાવવાનો પ્રયાસ કર્યો છે.

શ્રી ભરતભાઈ ડાંગરે વધુમાં જણાવ્યું કે, પુર્વ પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયીના સક્ષમ નેતૃત્વની ભાજપા સરકારે ઓબીસી સમાજની અનામત શ્રેણી હેઠળની ખાલી રહેતી બેઠકોને સામાન્ય શ્રેણીમાં ફેરવવાને બદલે ઓબીસી સમાજ માટે અનામત જ રાખવાનો બંધારણમાં સુધારો કર્યો હતો. દેશની આઝાદી બાદ પ્રથમ વખત પછાત વર્ગ માટેના રાષ્ટ્રીય આયોગને બંધારણીય હક્કો આપવાનું ઐતિહાસિક કાર્ય માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વની ભાજપા સરકાર કર્યું છે.

શ્રી ભરતભાઈ ડાંગરે વધુમાં જણાવ્યું કે ,નામદાર સુપ્રિમ કોર્ટમાં મહારાષ્ટ્ર રાજય અને મધ્યપ્રદેશ રાજયમાં અન્ય પછાત વર્ગોની અનામત સબંધે રીટ-પીટીશન થતા નામદાર સુપ્રિમ કોર્ટે સીવીલ રીટ-પીટીશન નં-૯૮૦/૨૦૧૯ ના ચુકાદાથી આપેલ ડાયરેક્શન મુજબ મૂળ સુપ્રિમ કોર્ટના સીવીલ રીટ-પીટીશન નં.-૩૫૬/૧૯૯૪ ના ચુકાદા સબંધે અન્ય પછાત વર્ગોના માટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચુંટણીમાં અનામત રાખવા સબંધે સમર્પિત આયોગની રચના કરવા અને આ સંસ્થાઓમાં તેમની રાજકીય આર્થિક પછાતપણાની તેમની વસ્તીના ધોરણે મૂલ્યાંકન કરી જીઝ,જી્ અને ઁઝ માટે કુલ અનામત ૫૦ ટકાની મર્યાદામાં રાખવા અને તે સબંધે વસ્તીના ધોરણને ધ્યાનમાં રાખી આ વર્ગને અનામત આપવા આપેલા ચુકાદા સબંધે ટ્રીપલ ટેસ્ટની જોગવાઇ કરવાની રહેશે તેમજ ત્યાર બાદજ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ કરવાની રહેશે.

ઉપરોક્ત નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા તથા અન્ય રીટ-પીટીશનોના સંદર્ભમાં રાજયની ભારતીય જનતા પાર્ટી ન્યાયતંત્રના ચુકાદા ઉપર સંપુર્ણ વિશ્વાસ વ્યક્ત કરે છે અને અન્ય પછાત વર્ગોના અને બંધારણીય રીતે જીઝ, જી્ વર્ગો માટે બંધારણીય જોગવાઇ અનુસાર જેને કાયદેસર રીતે મળવાપાત્ર છે તે મળવું જ જોઈએ તે સિધ્ધાંતને અનુસરે છે.

શ્રી ભરતભાઈ ડાંગરે વધુમાં જણાવ્યું કે ,કોંગ્રેસ પાર્ટીએ શરૂઆતથી જ કાકા કાલેકર સમિતિ, મંડલ સમિતિ, બક્ષી સમિતિ વગેરે જેવી વિવિધ સમિતિઓના વિવિધ અહેવાલોનો પ્રારંભમાં અમલ ન કરીને પછાત વર્ગના લોકોને મળતા લાભો વર્ષો સુધી અટકાવ્યા છે. ભાજપા હંમેશા દરેક વર્ગને બંધારણીય રીતે મળતા લાભો અપાવવા માટે પ્રતિબધ્ધ અને કટીબધ્ધ છે. સમર્પિત આયોગને ૫૨% વસ્તી ધરાવતા ઓબીસી વર્ગને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સભ્ય તરીકે તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં અધ્યક્ષ તરીકે નામદાર સુપ્રિમ કોર્ટના નિર્દેશ અનુસાર જીઝ, જી્ અનેઁઝ સહીત ૫૦ ટકાની મર્યાદામાં મહતમ અનામત વસ્તીના ધોરણે મૂલ્યાંકન કરી આપવા માટે ભાજપા એ માંગણી કરેલ છે. સમર્પિત આયોગ દ્વારા આપેલ સમય મર્યાદા ઓછી હોય અને ગુજરાતના સૌથી વધારે જ્ઞાતીઓ અને જનસંખ્યા ઓબીસી સમાજ માં આવતી હોય, દરેક સમાજને અને દરેક વિસ્તારના ઓબીસી વર્ગને રજુઆત કરવાની પુરતી તક મળે તે માટે આપેલ સમય મર્યાદા વધારવા માટે ભાજપા પ્રતિનિધિ મંડળે માંગણી કરેલ છે.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No.0081
વિષય: ગણેશ ચતુર્થી
પ્રકાર: પદ્ય
મૂષક વાહન મોરયા, વિઘ્નવિનાશક હે ગણરાય,
મોદક પ્રિય હેરંબ પ્રભુ, પ્રેમે લાગું પાય.
દૃષ્ટિ એવી આપો, તમને નીરખીએ ઉરની માંહ્ય,
સમજી વિચારી બોલીએ, પેટમાં વાત સમાય.
મતિ આપ જેવી મળે, સમર્પણ ભાવ સદાય,
માનીએ સર્વસ્વ એમને, માત-પિતા પૂજાય.
ઈમાયા દેસાઈ..મુંબઈ ભારત.

-------------------------------

NOG SS No : 0092
પ્રકાર:- પદ્ય
શિર્ષક:- શરણું સાચું વિનાયકનું
શ્રીચરણ પડયા મમ ગૃહે,
દૂર થયા સર્વ વિઘ્નો.
રિદ્ધિ- સિદ્ધિ સહ આગમન ભલું,
શુભ- લાભથી ઉમટયા ઉમંગો.
કનકની મેં તો થાળી લીધી,
ઉતારી આરતી વધાવ્યા મોતીડે.
ચોક મેં પુરાવ્યા અબીલ- ગુલાલે,
ઓવારણાં લીધા શત- શત દિવડે.
મોદક, લાડુચુરમા ધરાવ્યા,
ગંગાના જળની ઝારી ભરી પ્રેમથી.
પાન, સોપારી ને એલચી ધરાવ્યા,
મુખવાસ કરવા ભાવથી.
સ્રોત, સ્તુતિ ને અથર્વશીર્ષથી રીજાવ્યા,
ભજનો ને પદો ગાયા હૈયાના તાલે.
મનના સિતારે ભક્તિના તાર છેડયા,
અહર્નિશ જાપ કર્યા મનની માળે.
આશિષ દીધા પરિવાર સહ,
પામ્યા સહું સુખ, સમૃદ્ધિને સફળતા.
ગણેશજીની આરાધના ખૂબ વ્હાલી,
રાહ પ્રગતિનો આપી દઈદે જીવનને પરમ શાતા.
-અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર...૩૧/૦૮/૨૨.

-------------------------------

NOG SS No/0044
વિષય:- સંયોગ વિયોગ
પ્રકાર:- પદ્ય
શીર્ષક :- મિલન
શબ્દ:- ૨૮
થયો સંયોગ,
પાંગર્યો ગર્ભ,
દીકરી છે જણાતાં-
થયો વિયોગ
જન્મ પહેલાં.
થયો સંયોગ!
થયું મિલન-
બન્યાં જીવનસાથી.
માભોમ કાજે
થયો વિયોગ!
શ્રવિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

-------------------------------

NOG SS No : 0092
પ્રકાર:- પદ્ય
શિર્ષક :- વિયોગની વ્યથા
દૂર થવું એકમેકથી એ જ શું વિયોગ છે?
પાસે રહીને પણ દૂર હૃદયો, આ કેવો સંયોગ છે!
સામીપ્યમાંય આંસુ સારતી એકલતા,
જોને કેવો આ દારુણ રોગ છે.
મેં તો ભીંજાવી એના નામમાં જ જાતને,
આ પણ તો આધ્યાત્મિકતાનો એક જોગ છે.
હું પળેપળ એની નજીક સરકતી ને એ થતો દૂર,
આ એકતરફી પ્રેમ ખરેખર એક રોગ છે.
મેળવે છે કુદરત જ્યારે બે યુવાન હૃદયને,
પૃથ્વી પર સ્વર્ગ રચાયાનો સંજોગ છે.
હૃદયને તોડીને જ્યારે એક થાય નિષ્ઠુર,
ખરેખર અરમાનોનો લેવાય ભોગ છે.
રાત- દિન આંસુ નીતરતી આંખો ને,
હૃદયમાંથી ઉઠતા નિઃશ્વાસો એ પ્રેમીજનોનો રોગ છે.
વીતેલી પળોના સંસ્મરણો વાગોળીને
ક્વચિત આવતું અધરો પરનું હાસ્ય,
એ ધોધમાર વર્ષામાં મેઘધનુષનો સંયોગ છે.
સાવ લગોલગ બેઠેલા જીવો ખેંચાઈ રહયાં છે વિરુધ્ધ દિશામાં,
મરી રહયાં છે પ્રેમને વફાદારી આ કેવો જોગાનુજોગ છે.
દૂર રહીને કોઈ બની જાય છે શ્વાસ પ્રાણ,
માત્ર કહેવાનો જ વિયોગ છે.
-અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર.
૦૧ /૦૯ / ૨૨.

# રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જન જાતિના બાળકો માટે ૭ દિવસનો વિનામૂલ્યે 'એડવેન્ચર કોર્સ' નવેમ્બર-૨૦૨૨માં જૂનાગઢ ખાતે યોજાશે

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા રાજ્યના અનુસૂચિત જન જાતિના ૮ થી ૧૩ વર્ષની વયમર્યાદા ધરાવતા બાળકો વધુ સાહસિક બને અને કુદરતી વાતાવરણમાં તેઓની શક્તિઓ ખીલે તેવા આશયથી રાજય સરકારના ખર્ચે ૭ દિવસના 'એડવેન્ચર કોર્સ'નું આગામી નવેમ્બર માસમાં આયોજન કરવામાં આવ્યું છે.

વધુમાં માત્ર અનુસૂચિત જન જાતિના બાળકો કે જેઓ તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ ૮ થી ૧૩ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય અને આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ જરૂરી વિગતો અને પુરાવા સાથે પોતાની અરજી જિલ્લા રમતગમત અધિકારી, બહુમાળી ભવન, બ્લોક નં. ૧, ત્રીજો માળ, સરદાર બાગ, જુનાગઢ-૩૬૨૦૦૧ને તા. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધીમાં મોકલી આપવાની રહેશે.

આ કોર્સમાં ભાગ લેવા ઈચ્છૂક અરજદારોએ પુરૂ નામ, સરનામું, આધાર કાર્ડ/ચુંટણી કાર્ડ/ શૈક્ષણિક સંસ્થાનું ફોટા સાથેનું ઓળખકાર્ડ તથા રહેઠાણના પુરાવા તરીકે રેશનકાર્ડ/લાઈટબીલ/ ગેસબીલ/ટેલીફોન બીલની પ્રમાણીત નકલ તેમજ જન્મ તારીખના પુરાવા તરીકે શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ અચૂક સામેલ કરવાની રહેશે. અરજદારે પર્વતારોહણ, એન.એ.સી., એન.એસ.એસ કે સ્કાઉટ ગાઈડ, હોમ ગાર્ડઝ જેવી પ્રવૃત્તિઓની શિબિરમાં તથા રમતગમત પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હોય તો તેની વિગત પણ આપવાની રહેશે. આ સાથે વાલીનો સંમતીપત્ર અને શારિરીક તંદુરસ્તી ધરાવતા હોવાનું ડોકટરનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે. તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ તેમજ અનુસૂચિત જન જાતિ અંગેનું પ્રમાણપત્ર સાથે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અધુરી વિગતોવાળી અરજી ધ્યાને લેવામાં આવશે નહી. પસંદગી સમિતિ યોગ્યતા ધરાવતા ૧૦૦ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે તેમ કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરની યાદીમાં જણાવાયુ છે.

જનક દેસાઈ/ભરત ગાંગાણી

# ૧૦૩૮ લાખના ખર્ચે નિર્માણ પામનાર સેન્ટર ઓફ એક્સલન્સ અને પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટરનું ઈ-ખાતમુહૂર્ત

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા જામનગર જિલ્લાના ધ્રોલ ખાતેથી સમગ્ર રાજ્યમાં ?.૩૧૦૦ લાખના ખર્ચે કૃષિ ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હસ્તકના બાગાયત ખાતાની વિવિધ ખેડૂતલક્ષી યોજનાઓનું લોકાર્પણ અને વિવિધ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે અમદાવાદના દસ્ક્રોઈ તાલુકામાં રૂ.૧૦૩૮ લાખના ખર્ચે નિર્માણ પામનાર સેન્ટર ઓફ એક્સલન્સ અને પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટરનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદ જિલ્લાના પ્રભારી અને રાજય આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ અમદાવાદ શહેરથી ઉપરોક્ત કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

મંત્રી શ્રી ઋષિકેશ પટેલે આ પ્રસંગે ઉપસ્થિત તમામ ખેડૂતોને પરંપરાગત ખેતીથી પ્રાકૃતિક ખેતપદ્ધતિ તરફ વળવા અનુરોધ કર્યો હતો.

મંત્રી શ્રી એ વધુમાં જણાવ્યું હતું કે, કૃષિ જગતમાં થતા નિયમિત ફેરફારો સાથે રાજ્યનો દરેક ખેડૂત અપગ્રેડ રહે , ખેત પદ્ધતિ સંલગ્ન તમામ માહિતી આંગળીના ટેરવે મેળવી શકે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા સ્માર્ટફોન યોજના અમલી બનાવવામાં આવી છે.

ગુજરાત દ્વારા ખેત પદ્ધતિ ક્ષેત્રે ઉત્તરોત્તર વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને નેનો યુરિયા , ડ્રોન પદ્ધતિથી ખેતી જેવી પહેલ પણ હાથ ધરવામાં આવી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ચાલુ વર્ષે દેશમાં જીડીપી ૧૩.૫ % એ પહોંચ્યો છે તેમાં ૪.૫ ટકા જેટલું કૃષિનું અભૂતપૂર્વ યોગદાન રહેલ હોવાનું મંત્રીશ્રીએ કહ્યું હતું.

વડાપ્રધાન શ્રી એ જગતના તાતની ચિંતા કરીને ખેડૂતોની આવક બમણી કરવાના નિર્ધાર સાથે સામંતશાહી અને વ્યાજખોરોથી ખેડૂતોને બચાવી ખેડ, ખાતર અને બિયારણ માટે કિસાન સન્માન નિધિ દ્વારા વર્ષે ૬૦૦૦ રૂપિયાની નાણાકીય સહાય ડીબીટી મારફતે સીધા ખાતામાં ચૂકવવામાં આવી રહી હોવાનું જણાવ્યું હતું.

જેના અંતર્ગત અમદાવાદ જિલ્લાના કુલ ૨.૨૮ લાખ ખેડૂતોને ?૩૭૬.૧૦ કરોડની માતબર રકમની સહાય ચૂકવવામાં આવી છે.

રાજ્ય સરકારે પરંપરાગત ખેતી ઉપરાંત બાગાયતી ખેતીને પ્રોત્સાહન આપવામાં માટે વિવિધ યોજનાકીય સહાય અમલી બનાવી છે. કમલમ્ ફ્રુટના વાવેતર માટે ખેડૂતોને વિશેષ નાણાકીય સહાય ચૂકવવામાં આવી રહી હોવાનું મંત્રી શ્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું..

અમદાવાદમાં નિર્માણ પામનારા સેન્ટર ઓફ એક્સેલન્સ થકી જિલ્લામાં રક્ષિત ખેતી, ટપક સિંચાઈ પધ્ધતિ, ફર્ટીગેશન તથા અધ્યતન ધરૂ ઉછેર દ્વારા ખેડુતોની આવક બમણી કરવાનો પ્રયત્નો કરવામાં આવશે તેમ જણાવી સેન્ટર ઓફ એક્સેલન્સ અધ્યતન પ્રકારની ટેક્નોલોજી ખેડુતો સુધી વિસ્તરણ કરવામાં ઉપયોગી બની રહેશે તેવો ભાવ વ્યક્ત કર્યો હતો..

આ પ્રસંગે સાંસદ સર્વ શ્રી હસમુખભાઈ પટેલ, ડૉ. કિરીટભાઈ સોલંકી, ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ , જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલીયા સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

-અમિતસિંહ ચૌહાણ

# પીએમ મોદીના ૧૧ સપ્ટેમ્બરના રોજ ફરી ગુજરાત આવશે

અમદાવાદ,તા.૧

પીએમ મોદીનો ફરી ચૂંટણીના વર્ષમાં એકવાર ગુજરાત પ્રવાસ નક્કી થયો છે. પીએમ મોદી ૧૦ સપ્ટેમ્બરે અમદાવાદ આવી સાયન્સસિટી ખાતે તમામ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના મંત્રીઓ તથા સચિવોની બે દિવસ માટે યોજાનારી વિજ્ઞાન પરિષદનું ઉદ્‌ઘાટન કરશે.

જેમાં તમામ રાજ્યોના સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રીઓ અને સચિવો ભાગ લેશે. પીએમ મોદીના ૧૧ સપ્ટેમ્બરના કાર્યક્રમનું પણ આયોજન થઈ રહ્યું છે.

નવી દિલ્હીમાં આ સંદર્ભે કેન્દ્રિય મંત્રી જિતેન્દ્રસિંહે એક ઉચ્ચકક્ષાની બેઠક યોજી જાહેરાત કરી હતી. જાણકાર સૂત્રો જણાવી રહ્યા છે કે રાજ્યનો વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ આ પરિષદના આયોજન માટે કેન્દ્રિય મંત્રાલયની સૂચના અનુસાર ફેસિલિટેટરની ભૂમિકા ભજવી રહ્યો છે.

લગભગ ૧૫૦થી ૨૦૦ જેટલા મહાનુભાવો આ પરિષદમાં શરીક થશે, તેમની વ્યવસ્થા રાજ્યના શિરે રહેશે. સાયન્સ અને ટેકનોલોજી સાથે જોડાયેલા બાયોટેકનોલોજી, અર્થવ્યવસ્થા, સ્પેસ એપ્લિકેશન સેન્ટર, એટોમેટિક રિસર્સ જેવા ૮થી ૧૦ જેટલા જુદા જુદા કેન્દ્રીય વિભાગોના વડા અધિકારીઓ પણ આ બે દિવસની પરિષદમાં ભાગ લેશે. આ વિજ્ઞાન પરિષદ ૧૦-૧૧ સપ્ટેમ્બરના રોજ શનિ-રવિ દરમિયાન યોજાશે.

# ૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર, "નેશનલ ન્યુટ્રીશન વીક"

## શાકાહાર અપનાવો, રોગ ભગાવો માંસ ખાવાનું છોડો, શાકાહારી બનો

૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધી ભારતમાં "નેશનલ ન્યુટ્રીશન વીક" મનાવવામાં આવે છે. જે પ્રકારે માંસાહારનું ખોટું માર્કેટિંગ કરવામાં આવે છે તેનાથી ઘણા લોકો ગેરમાર્ગે દોરાયા છે. માંસાહાર ખાવાના શોખીન લોકો સાથે હવે આવા લોકો પણ એમની સાથે જોડાયા છે. ભારત દેશમાં તો પશુ-પક્ષી-પ્રાણીને દેવી તેમજ દેવતાઓનાં વાહન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગણપતિને ઉંદર, કાલભૈરવ તથા ખંડોબા માટે શ્વાન, સરસ્વતી માટે મોર, જગદંબાનું વાહન સિંહ, મા દુર્ગા માટે વાઘ, દેવી લક્?મી માટે ઘુવડ, શીતળા માતા માટે ગધેડો, વૈષ્ણવી માતા માટે ગરૂડ, માતા મહેશ્વરી માટે નંદી, ગંગા માતાનું વાહન મકર, દેવી ઈન્દ્રાણી માટે હાથી, મા ધુમાવતી માટે કાગડો અને બહુચરા માતા માટે મગર! પરંતુ સવાલ એ છે કે સ્વયં દેવતાઓનાં વાહન ગણાતાં આવા પશુ-પક્ષી અને પ્રાણીઓની અત્યારે હાલત શું છે? અને એનાથી પણ વધુ મહત્વનો સવાલ એ છે કે આવી હાલત પાછળ કોણ જવાબદાર છે?

વેજીટેરીયન ખોરાકનાં ઘણા ફાયદાઓ હોય છે :

વેજિટેરિયન ખોરાક વધુ સંતુલિત હોય છે. શાકાહારમાં મળતાં ન્યુટ્રિશન્સ આનાથી ઘણા વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિક્સ-પેક એબ્સ વાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ માનવશરીર માટે એક સંપૂર્ણ ફૂડ-પેકેજ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. સંતુલિત શાકાહારી ખોરાક પણ વ્યક્તિને બાવડેબાજ અને મજબૂત બનાવી જ શકે છે. શાકાહાર હૃદયસંબંધી રોગના ખતરાને દૂર રાખે છે માંસાહારમાં સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ઘણું વધારે હોય છે, જેને કારણે હૃદયસંબંધી બિમારીઓ થવાનો ભય રહે છે. પરંતુ વેજ-ફૂડમાં પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર હોય છે, તેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળે છે, જેના કારણે બ્લડ-પ્રેશર અને કોલેસ્ટેરોલ પણ નિયંત્રણમાં રહે છે, સરવાળે, મોટી ઉંમરે હૃદયને કાર્યાન્વિત રાખવામાં શાકાહાર ઉપયોગી પૂરવાર થાય છે. શાકાહારનાં સેવનથી શરીરમાં નકામી ચરબી જમા નથી થતી. શાકાહારનાં સેવનથી માનવશરીર બિનજરૂરી ચરબીનાં જમા થવાથી બચી જાય છે. હા, એ વાત અલગ છે કે સ્વસ્થ વ્યક્તિ અગર ચીઝ, જંક ફૂડ અને કોલ્ડ-ડ્રિક્સનું ખાન-પાન ચાલુ રાખે છે, તો તેને ઘણી બધી આડઅસરો જોવા મળી શકે છે, તદુપરાંત ચરબીનાં થર જામશે એ અલગથી! સ્વસ્થતાનો માપદંડ ગણાતો 'બોડી માસ ઈન્ડેક્સ' (બીએમઆઈ) પણ શાકાહારીઓમાં માંસાહારીની તુલનામાં વધુ સારો જોવા મળે છે. શરીરનું વજન એકસરખું જાળવી રાખવા તેમજ સંતુલિત સ્વાસ્થ્ય માટે શાકાહારને વધુ મહત્વ આપવાની નિષ્ણાંતો સલાહ આપે છે.

શાકાહાર લાંબી આયુનું વરદાન આપે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડ-પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોક્ટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે. શાકાહાર પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન-વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચન-સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. ભારતીય વંશની ગાયના દૂધમાં એક મહત્વનું ઘટક સેરીબ્રોસાઈડ નામનું તત્વ છે જે મગજ અને બુદ્ધિના વિકાસ માટે સહાયક છે.

– મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# માહિતી અધિકારીને માહિતી મોડી આપવા બદલ દંડ નો હુકમ

સમયમર્યાદામાં માહિતી ના આપવાને લીધે જાહેર માહિતી અધિકારી અને નાયબ નિયામકશ્રી (ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગાંધીનગર) તથા મદદનીશ અધિકારીને ગુજરાત માહિતી આયોગ દ્વારા રૂ.૨૦,૦૦૦/- નો દંડ નો હુકમ.

પ્રાપ્ત વિગતો અનુસાર બજાર સમિતિ, કપડવંજના સદસ્ય અનંત પટેલ (સોનીપુરાવાળા) દ્વારા કપડવંજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ માં ગેરરીતિ અને ભ્રષ્ટાચાર બાબતે અલગ અલગ તારીખની કરેલ ફરિયાદો બાબતે જાહેર માહિતી અધિકારી અને નાયબ નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગાંધીનગર પાસે RTI થી તા.૨૮/૧૨/૨૦૨૦ ના રોજ માહિતી માંગેલ, જે માહિતી નાયબ નિયામકશ્રીએ સમયમર્યાદામાં ના આપેલ હોવાથી અરજદાર અનંત પટેલ એ માહિતી આયોગ, ગાંધીનગર માં તા.૧૮/૦૫/૨૦૨૧ ના રોજ ફરિયાદ દાખલ કરેલ, ત્યાર બાદ માહિતી આયોગમાં ફરિયાદ-૦૪૧૪/૨૦૨૧ થી દાખલ થયા પછી જાહેર માહિતી અધિકારી અને નાયબ નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગાંધીનગરને આયોગ ની નોટિસ મળ્યા પછી તા.૨૪/૦૯/૨૦૨૧ ના રોજ પત્ર થી મુદ્દા નંબર-૧ થી ૬ બાબતે આશરે નવ મહિના પછી માહિતી આપેલ, જેથી સમયમર્યાદામાં માહિતી ના આપેલ બાબતે અલગ અલગ તારીખે મુદતો માં સુનાવણી થયા પછી માહિતી આયોગ, ગાંધીનગર દ્વારા જાહેર માહિતી અધિકારી અને નાયબ નિયામકશ્રી શ્રી વિવેક ત્રિવેદી ને રૂ.૫,૦૦૦/- નો દંડ અને મદદનીશ અધિકારીશ્રી એમ.ટી.ઝાલા ને રૂ.૧૫,૦૦૦/- નો દંડ નો હુકમ કર્યો છે અને આ દંડ ની રકમ સરકારી તિજોરીમાં તા.૧૫/૧૦/૨૦૨૨ સુધીમાં જમા કરવા હુકમ માં જણાવેલ છે તથા તા.૩૧/૧૦/૨૦૨૨ સુધીમાં આ ભરેલ દંડ ની રકમ ની જાણ માહિતી આયોગ, ગાંધીનગર ને કરવા હુકમ કરેલ છે.

# અંબાજી મહામેળા ની મહાતૈયારીઓ .....મહાપ્રસાદ ના ૪૦ લાખ પેકેટ બનાવવાની કામગીરી શુરું

શક્તિપીઠ અંબાજીમાં મા અંબાના ભાદરવી પૂનમના મહા મેળાની તૈયારીઓ થઈ રહી છે ૫ થી ૧૦ સપ્ટેમ્બરે યોજનાર મહા મેળામાં લાખો શ્રદ્ધાળુઓ અંબાજી આવશે અને તેમના માટે પ્રસાદની વ્યવસ્થા ના ભાગરૂપે તૈયારીઓ શરૂ કરાય છે અંદાજિત ૪૦ લાખ પ્રસાદના પેકેટ બનશે અને શ્રદ્ધાળુઓને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે અને પ્રસાદ સરળતાથી મળી રહે તે પ્રકારે રાત દિવસ ૫૦૦ જેટલા લોકો આ પ્રસાદ બનાવવાના કામે લાગ્યા છે.

ભાદરવી પૂનમના મહા મેળા દરમિયાન અંદાજિત ૨૫ લાખ થી વધુ શ્રદ્ધાળુઓ અંબાજી આવી અને મા અંબાના ચરણોમાં આવશે જોકે અંબાજીના પ્રસાદનું એક મહત્વ છે એની એક વિશેષતા છે અને આ મહત્વની વિશેષતાના કારણે લાખોમાં ભક્તો આ પ્રસાદને લઈ જતા હોય છે ગુજરાત સહિત દેશ અને વિદેશમાં પણ આ પ્રસાદ નું બહુ મહત્વ રહેલું છે રાજ્ય દેશ અને વિદેશમાં થી આવતા શ્રદ્ધાળુઓ પ્રસાદ લે છે જ્યારે અંબાજી મંદિર મા વર્ષોથી આવતા શ્રદ્ધાળુઓ પ્રસાદ લે છે વર્ષો થી એક જ ગુણવતા અને સ્વાદ રહે છે જેને લઈ શ્રદ્ધાળુઓ પ્રસાદ ને માતાજી નો ચમત્કાર માની રહ્યા છે



ત્યારે આજે શક્તિપીઠ અંબાજી માં પ્રસાદ બનાવવાની શરૂઆત કરાઈ છે અને આ પ્રસાદ લાખો શ્રદ્ધાળુઓને સરળતાથી મળી રહે તેવું પણ આયોજન કરાયું છે પ્રસાદ બનાવવાના કામે ૧૦૦ જેટલા લોકો રાત દિવસ મહેનત કરશે જ્યારે ૫૦૦ જેટલા લોકો પ્રસાદ પેકિંગ અને પહોંચાડવાની કામગીરી કરશે મહામેલા ને લઈ ને પ્રસાદ ના ૪૦ લાખ પેકેટ તૈયાર કરાશે ત્યારે અંદાજે દરરોજ ૩૫ હજાર કિલો પ્રસાદ તૈયાર થશે જેમાં દરરોજ ૫ લાખ જેટલા પ્રસાદ ના પેકેટ તૈયાર થશે માં અંબા ના બનનાર પ્રસાદ માં ૧૮૭૫૦૦ કિલો ઘી.૧૭૫ હજાર કિલો ખાંડ.૧૦૦ હજાર કિલો દાળ.૧૨૫૦૦૦ કિલો બેસન.૨૧૮૭૫ લીટર દૂધ અને ૨૫૦ કિલો ઈલાયચી વપરાશે જોકે ૪૦.૨૫ લાખ પેકેટ પ્રસાદ માં વપરાશે અંબાજીમાં આવનાર ૨૫ લાખથી વધુ શ્રદ્ધાળુ અને પ્રસાદ સરળતાથી મળી રહે તે હેતુથી તમામ તૈયારીઓ પૂર્ણ કરાવી છે અને મા અંબાનો પ્રસાદ દેશ અને વિદેશના ખૂણે ખૂણે પહોંચી તેવું આયોજન કરાયું છે

# વેટરનરી કૉલેજ, નવસારી ના એન. સી. સી કેડેટ્સ એ વાર્ષિક તાલીમ રાજપીપળા ખાતે ભાગ લીધો




કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગર થી સંચાલિત એવી વેટરનરી કૉલેજ નવસારી મા વર્ષ ૨૦૧૭ થી કાર્યરત એન. સી. સી નેવી યુનિટ સિનિયર વિભાગ એ વાર્ષિક તાલીમ ના ભાગરૂપે આયોજિત કેમ્પ રાજપીપળા ના જીતનગર ખાતે હાજર રહ્યા હતા. આ વાર્ષિક તાલીમ કેડટ્સ એ ફરજીયાત મેળવાની હોય છે. આ કેમ્પ વેટરનરી કૉલેજ નવસારી ના નેવી યુનિટ ના વડા સબ લેફ્ટન્ટ ડો લલિત મોદી ના નેતૃત્વ મા ૧૭ કૉલેજ ના કેડેટ્સ હાજર રહ્યા હતા. આ આયોજિત કેમ્પ મા ફાયરિંગ, ડ્રિલ, બોટ પુલિંગ, આપતિ વ્યવસ્થાપન, ટ્રાફિક નિયમન, રક્તદાન તથા ભારતીય નેવી ના લગતા વિવધ વિષય નું જ્ઞાન આપવામા આવેલ હતું તથા વિવધ રમતગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમ મા કેડેટ્સ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ અને નેતૃત્વ ના ગુણો નું સંચન કર્યું હતું. વેટરનરી કૉલેજ નવસારી ના આચાર્ય શ્રી ડો. વી બી. ખરાદી થી ભાગ લેનાર એન સી. સી કેડેટ્સ તથા તેમનું નેતૃત્વ કરનાર નેવી યુનિટ ના સબ લેફ્ટન્ટ ડો. લલિત મોદી ને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

## ઘાટલોડીયા વિધાનસભા વિસ્તારમાં વિવિધ સ્થળોએ ગણેશ ઉત્સવમાં સહભાગી થતા મુખ્યમંત્રીશ્રી



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં પોતાના વિધાનસભા મત ક્ષેત્ર ઘાટલોડિયામાં વિવિધ સ્થળોએ સાર્વજનિક ગણેશઉત્સવના જન ઉમંગમાં ભક્તિ ભાવપૂર્વક સહભાગી થયા હતા.

શ્રી ભૂપેન્દ્ર પટેલે પાટીદાર ચોક, મધુવૃંદ સોસાયટી ગુલાબ ટાવર થલતેજ, સરદાર પટેલ ચાર રસ્તા વસ્ત્રાપુર ખાતેના ગણેશ સ્થાપનમાં જઈને શ્રીજી ના દર્શન, અર્ચન કર્યા હતા.

આ પ્રસંગે વિવિધ વિસ્તારના સ્થાનિક અગ્રણીઓ ભક્તજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા

# ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રના આરોગ્ય વિભાગ દ્વારા ૧૩ સ્થળો ખાતે આરોગ્ય કેમ્પો ઉભા કરાયા

### અંબાજી પદયાત્રીઓનેજિલ્લાના માર્ગો પર કોઈ તકલીફ ન પડે અને માર્ગો – કેમ્પોની આસપાસ સ્વચ્છતા રહે તેના સુચારું આયોજન અર્થે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

ગાંધીનગરઃ શુક્રવારઃ

જગત જનની માં અંબાના પગપાળા દર્શન કરવા જતા પદયાત્રીઓને કોઈ તકલીફ ન પડે. માર્ગ અકસ્માતની ઘટના ન બને અને સ્વચ્છતા જળવાઈ રહે તેવા ઉમદા આશયથી આજરોજ ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રની બેઠક કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં અંબાજી જવાના મુખ્ય છ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. આ તમામ રુટ પર નોડલ અધિકારીઓની નિમણુંક કરવામાં આવશે. નોડલ અધિકારીઓની ટીમ રાઉન્ડ ધ ક્લોક પોતાની ફરજ બજાવશે. તમામ સેવા કેન્દ્રોની મુલાકાત લઈ તેના આયોજકોને સ્વચ્છતા રાખવાની વાત પર ખાસ ભાર મુકશે.



કલેકટરશ્રીએ માર્ગો પર આવતાં વાહનોના કારણે કોઈ પદયાત્રી અકસ્માતનો ભોગ ન બને તે માટે પદયાત્રીઓ રોડની ડાભી બાજુ ચાલે તેવો આગ્રહ રાખવો અને તેમને સતત જાગૃત કરતા રહેવા માટેનું આયોજન કરવા પણ ભારપુર્વક જણાવ્યું હતું. તેમજ પદયાત્રીઓ જે દિશામાં ચાલે છે, તે બાજુ જ સેવા કેન્દ્રો ઉભા કરવા પણ જણાવ્યું હતું. જેથી માર્ગ ઓળગવાની જરૂરિયાત પદયાત્રીઓને થાય નહિ. તેની સાથે ગાંધીનગર શહેર સહિત માર્ગમાં આવતાં મોટા સર્કલો ખાતે જયાં ચોક્કસ સમયે વાહનોની અવરજવર વધુ હોય છે, તે સમયે દરમ્યાન ટ્રાફિક સમસ્યા ન સર્જાય તેની ખાસ તકેદારી રાખવા પણ જણાવ્યું હતું.

કલેકટરશ્રીએ સેવા કેન્દ્રોની આસપાસ સ્વચ્છતા રહે અને પદયાત્રીઓ માર્ગમાં ગમે ત્યાં પાણીની બોટલ કે અન્ય પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ ન નાખે તેની ખાસ તકેદારી રાખવાની વાત પર પણ ભાર મુકયો હતો. પદયાત્રીઓ માટે શૌચાલય વાનની સુવિધા કરવા જણાવ્યું હતું. તેમજ હાઈવે માર્ગની બાજુના સર્વિસ રોડ ચાલી શકાય તેવા છે કે નહિ, તેની ખાત્રી કરવા માટે પણ સુચના આપી હતી. વરસાદી માહોલમાં આ રોડ પર પાણી ન ભરાય અને યોગ્ય નિકાલ થાય તેની વ્યવસ્થા જોવા પણ સંબંધિત અધિકારીને સૂચના આપી હતી. મોટા ભાગના પદયાત્રીઓ વહેલી સવારે કે રાત્રિ દરમ્યાન ચાલવાનું પસંદ કરતા હોય છે. જેથી સેવા કેન્દ્રોના સંચાલકો સાથે સંપર્ક કરી રાત્રિ દરમ્યાન ચાલતાં પદયાત્રીઓને રીફલેકશન પટ્ટી સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવા પણ સૂચન કર્યું હતું. આ પટ્ટી તેઓ પોતાના કપડા, લાકડી કે અન્ય ચીજ વસ્તુઓ કે જે સરળતાથી વાહન ચાલકની નજરે પડે ત્યાં લાગે તેનો આગ્રહ પણ રાખવા જણાવ્યું હતું. પદયાત્રીઓને સતત માર્ગ પર ડાભી બાજુ ચાલે તે માટે જરૂરી સૂચના આપતાં વાહનો કે બેનર લગાવવા પણ જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પણ ઉવારસદ, રણાસણ, મોટા ચિલોડા, ગિયોડ, જેઠીપુરા, વાસણિયા મહાદેવ, બાલવા ચોકડી, ધેંધુ ચોકડી, બોરૂ, ઘમાસણા અને વિહાર ખાતે પદયાત્રીઓની સેવામાં ખાસ આરોગ્ય કેમ્પ ઉભા કરવામાં આવ્યા છે. તેની સાથે નાના ચિલોડા- ચંદ્રાલાઅનેકોબા થી ધેંધુ ચોકડી સુધી આરોગ્યની મોબાઈલ ટીમ સતત કાર્યરત રહેશે. તેની સાથે આયુર્વેદ શાખા દ્વારા મોટા ચિલોડા, વાસણિયા મહાદેવ, બોરૂ અને ઉવારસદ ખાતે આયુર્વેદ કેમ્પ ઉભા કરવામાં આવશે. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી રીતુ સિંગસહિત તમામ મામલતદાર-તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ અને સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## છાપી લાઠીબજાર વિસ્તાર માં ગટર ના પાણી ભરાતાં રોગચાળા ની ભીતી

# પીવાના પાણી ની પાઈપો બે-ત્રણ જગ્યાએ ફુટતા પાણી નો બગાડ

### ગ્રામપંચાયત અને આરોગ્ય વિભાગ ત્વરિત પગલાં લે તેવી રહિશો ની માંગ



વડગામ તાલુકાના વેપારી હબ ગણાતા છાપી પંચાયત નો જ એક આખો વિભાગ છાપી રેલ્વે સ્ટેશન જવા આવવા નો મુખ્યમાર્ગ ખખડધજ હાલતમાં હોવાથી રાહદારીઓ પણ અગવડતા અનુભવી રહ્યા છે સાથે સાથે રેલ્વે સ્ટેશન પાસેના વિસ્તારમાં ગટરલાઈન ફુટતાં ગટરનું પાણી એક જગ્યાએ જમા થતાં દુર્ગંધ ઊઠવા પામી છે જ્યારે આજુબાજુના રહિશો માં આના કારણે મચ્છરજન્ય રોગો થવાની ભીતી છે રહિશો દ્વારા આ બાબતે પંચાયત ને જાણ કરવા છંતા કોઈ નક્કર કાર્યવાહી ન થતાં લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે

આ સાથે સાથે લાઠીબજાર ના છેવાડા વિસ્તારમાં પીવાના પાણીની પાઈપો બે થી ત્રણ જગ્યાએ તુટી ગઈ હોવાથી પાણી નો વેડફાટ પણ થઈ રહ્યો છે જ્યાં પંચાયત ના સત્તાધીશો પણ મુલાકાત લઈ આવ્યા છે પરંતુ કોઈ ચોક્કસ કામગીરી નથી કરાઈ તેમજ પાણી અનિયમિત અને પુરતું ન આવતું હોવાનો લોકોએ આક્ષેપ કર્યા હતો તેમજ અગાઉ પાણી સવારે આવતું હતું તે સમયે આપવા માટે માંગ ઊઠી છે અને પંચાયત ના ખાસ ગણાતા લોકોના ઈશારે પાણી છોડવામાં આવે છે તેવી ચર્ચા લોકોમાં થઈ રહી છે હવે જોવું રહ્યું કે બસો થી ત્રણસો મકાનો ધરાવતા આ વિસ્તાર ની સમસ્યાઓ નું સમાધાન પંચાયત લાવે છે કે પછી રાજકીય લાભ લેવા માટે આ લોકોનો માત્ર ઉપયોગ કરી રઝળતા જ મુકવામાં આવે છે એતો આવનારો સમય જ બતાવશે....

## અખિલ રાજસ્થાન ગુજરાતી સમાજની બેઠક

રવિવાર ૦૪.૦૯.૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ગુજરાતી સમાજ સેક્ટર ૧૧ હિરણ મગરી, ઉદયપુરમાં રાખવામાં આવી છે. આ બેઠકમાં અખિલ રાજસ્થાન ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી જી.ડી.પટેલ, વિશ્વ ગુજરાતી સમાજના સેક્રેટરી ડો.પંકજ શાહ, વિશ્વ ગુજરાતી સમાજના મહામંત્રી સુધીરભાઈ રાવલ, વિશ્વ ગુજરાતી સમાજના ઉપપ્રમુખ સવજીભાઈ વેકરીયા, અખિલ રાજસ્થાન ગુજરાતી સમાજના વરિષ્ઠ ઉપાધ્યક્ષ શ્રી રાજેશ બી મહેતા, અખિલ રાજસ્થાન ગુજરાતી સમાજના સેક્રેટરી મુકેશ ભાઈ પટેલ સંબોધન આપશે. આ મીટીંગમાં અખિલ રાજસ્થાની ગુજરાતી સમાજમાં જે પણ સમાજ છે તેઓની વિગતવાર ચર્ચા કરવામાં આવશે અને સમાજની પ્રવૃત્તિઓ કેવી રીતે આગળ વધશે. આ મીટીંગને સફળ બનાવવા ઉદયપુર ગુજરાતી સમાજના સેક્રેટરી દિનેશ ભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી ગીરીશ ભાઈ પટેલ, સહ સેક્રેટરી શ્રી મુકેશ ભાઈ ધ્રુવાડ, કારોબારી સભ્ય શ્રી કેતન ભાઈ રામાનુજ ખાસ સહકાર આપી રહ્યા છે. આ માહિતી ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી રાજેશ બી મહેતાએ આપી.




આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલમાં માટી, રેતી અને માટીના પ્રકારો વિશે વિદ્યાર્થીઓ ધર્મના માધ્યમથી જાણે અને મડ થેરાપી માં માટીના મહત્વને સમજે તેવા ઉમદા હેતુથી શાળામાં વિવિધ માટી માંથી અલગ અલગ ગણપતિ બનાવવામાં આવ્યા. સાથે જ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ગણપતિ બનાવી સામૂહિક ઈકો ફ્રેન્ડલી વિસર્જન કરી સમાજને સંદેશો પાઠવ્યો.

# યુવા મતદારોને મતદારયાદીમાં નામ નોંધણી માટે શૈક્ષણિક સંસ્થાઓમાં જાગૃતિ કાર્યક્રમનું આયોજન

અધિકજિલ્લાચુંટણી અધિકારી, અમદાવાદની અખબારી યાદી જણાવ્યા અનુસારભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા અપાયેલ કાર્યક્રમ મુજબ તા. ૦૧.૧૦.૨૨ ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અમદાવાદ જિલ્લામાં ચાલી રહેલ છે.

જેના સંદર્ભમાં યુવા મતદારો મતદારયાદીમાં નામ નોંધાવે તે અત્યંત જરૂરી છે. તેમજ યુવા મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા અંગેની જાગરુકતા વધે અને ચૂંટણી પ્રક્રિયામાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવે તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે તા.૦૩/૦૯/૨૦૨૨ ના રોજ ભવન્સ કોલેજ ખાતે સવારે ૧૦:૦૦ વાગે તથા ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે બપોરે ૧૨:૩૦ વાગે ઈ.ત્ન. સ્ઈચ્ઊૅછસાથે પ્રોગ્રામનું આયોજન કરેલ છે. જેથી યુવાનો આયોજિત કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં હાજર રહી, ભાગ લઈ ચૂંટણી પ્રક્રિયા માટેની જાણકારી મેળવી શકે છે.

# અમદાવાદ શહેરમાં વીજળીના કડાકા ભડાકા સાથે જોરદાર વરસાદ

અમદાવાદ,તા.૧

અમદાવાદ શહેરમાં વરસાદની આગાહી વચ્ચે વીજળીના કડાકા ભડાકા સાથે જોરદાર વરસાદ શરૂ થયો છે શહેરના પૂર્વ વિસ્તારમાં નિકોલ, નરોડા, સીટીએમ, રામોલ, વસ્ત્રાલ, અમરાઈવાડી, કાંકરિયા, ખોખરા વાડજ નિર્ણયનગર સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો શહેરમાં ૧૧ વાગ્યે પૂર્વ વિસ્તારમાં જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા અને વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. શહેર જાણે હિલ સ્ટેશન બની ગયું હોય તેવો અહેસાસ થઈ રહ્યો હતો મળતી માહિતી અનુસાર અમદાવાદનાં પશ્ચિમ વિસ્તારમાં પણ ગાજવીજ સાથે વરસાદ વરસી રહ્યો છે. પશ્ચિમ માં આવેલા ચાંદખેડા, સાબરમતી વૈષ્ણોદેવી, ગોતા, એસજી હાઈવે, સિંધુભાવન રોડ પર ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો છે. લાંબા સમય ગાળા બાદ વરસાદનું આગમન થતાં શહેરીજનોએ ગરમીથી હાસકારો અનુભવી રહ્યા છે. ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારો ફરીએકવાર જળબંબાકાર બન્યા છે તો શહેરના વિવિધ ગણપતિ મંડળો પણ ચિંતાગ્રસ્ત બન્યા છે. આ વર્ષે ખાસ કરીને વિવિધ મંડળો દ્વારા માટીના ગણપતિનું સ્થાપન કરવામાં આવ્યું છે. અને જો મુર્તિ પર પાણી પડે તો વિસર્જન પહેલા જ મુર્તિ ઓગળી જવા કે પછી શણગાર કે આકારમાં ઓટ આવવાની ભીતિ સતાવી રહી છે.

જો કે અનેક જગ્યાએ મંડળો દ્વારા અગાઉથી જ પ્લાસ્ટિકની સીટ અથવા વોટર પ્રૂફ મંડપ બનાવવામાં આવ્યા છે. અત્રે નોધનીય છે કે હવામાન વિભાગ દ્વારા રાજ્યના વિવિધ વિસ્તારોમાં આગામી પાંચ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ત્રણ કલાક દરમિયાન અમદાવાદ અને ગાંધીનગરમાં ગાજવીજ સાથે મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે.

### સિદસર ઉમિયાધામના પ્રમુખનું નિવેદનઃ

# વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ પાટીદારોને ૫૦ ટિકિટ આપે,

જામનગર,તા.૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે રાજ્યના નાના મોટા સમાજ સૌ કોઈ ટિકિટની દાવેદારી કરવા લાગ્યા છે. સૌરાષ્ટ્રની સિદસર ઉમિયાધામ સંસ્થાના પ્રમુખ જેરામ વાંસજાળિયાએ આગામી ચૂંટણીમાં ભાજપ પાસે પાટીદાર સમાજ માટે ૫૦ ટિકિટની માગ કરી છે. સાથે પાટીદાર અનામત આંદોલન સમયે મૃત્યુ પામેલા યુવાનોના પરિવારજનોને નોકરી આપવાની પણ સરકાર સમક્ષ માગ કરી હતી.

સિદસર ઉમિયાધામના પ્રમુખ જેરામભાઈ વાંસજાળિયાએ ફ્રોલમાં મુખ્યમંત્રીનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ નિવેદન આપતા કહ્યું હતું કે, આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ પાટીદાર સમાજને ૫૦ ટિકિટ આપશે. લોકશાહીમાં બધાને માગવાનો અને કહેવાનો અધિકાર છે. પાટીદાર સમાજને ગયા ઈલેક્શનમાં ૫૦ સીટ ભાજપે આપી હતી. આ વખતે ૫૦ સીટ આપશે તેવી અમને અપેક્ષા છે અને અમે માગણી કરીશું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.